# કહાન ભક્તિ સરિતા





પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

# અર્પણ

વંદું હું અરિહંતને, વંદું સિદ્ધ ભગવંત;
વંદું હું આચાર્યને, ઉપાધ્યાય ભગવંત.
વંદું વળી આ લોકના સાધુ-સંત તમામ;
વંદું હું આચાર્યને, પંચમકાળ ભગવાન.
દિશાઓ ધારે નક્ષત્રને, સૂર્ય પૂર્વમાં હોય,
માતાઓ જણે પુત્રને, ઉજમ્બાને જ કહાન હોય!
જન્મ થયો જ્યાં કહાનનો ડોલ્યું ઈન્દ્રાસન!
દેવદુંદુભી વાગીયા, સુખી થયું જગત.
ડંકો વગાડો જોસથી, ઊઠો ઊંઘતા નર પીશાચ!
તારક તમ આવી ગયો શ્રી સદ્‌ગુરુ કહાન!
ફૂલ સુગંધી ખીલી ઊઠ્યું જુઓ કેવી ઊઠે સુવાસ!
ભરતક્ષેત્રે વ્યાપી ગઈ એની જ્ઞાન કિરણ સુવાસ.
પરમ પુરુષ છો જગતના, નિર્મળ સદા ગણાય;
મૃત્યુંજય માને બધા, તું જ મોક્ષનો માર્ગ!
રખડતો હું જંગલ મહીં, તુજ દીવો કરે પ્રકાશ;
માર્ગ સાચો મળી ગયો, આવે ભવના અંત.
વળી જેવી શીતળ ચાંદની શીતળ છે તુજ છાંય,
ચંદ્ર દીસે પૂનમ તણો, એકલ ભમે જગમાંય,
ફુવારો ઉછાળ્યો શ્રુતનો, વર્ષાવ્યા ૐકાર નાદ;
તીર્થંકરના જ્ઞાનનો થયો, ભરતમાં પ્રચાર.
મોક્ષમાર્ગ બતાવીયો, તાર્યા જગતના લોક;
કહાન ઉપકાર અમાપ છે, તુજ વર્ણન સહુ ફોક.



પૂજ્ય બેનશ્રી ચંપાબેન - પૂજ્ય બેનશ્રી શાન્તાબેન

પૂજ્ય બેનશ્રીબેન ચંપાબેન-શાંતાબેનનું જીવન દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પુરી અર્પણતામય તથા વૈરાગ્યમય તેમજ બ્રહ્મચર્યના શૂરવીર આત્મજ્ઞાની ધર્માત્મા વાત્સલ્ય ગુણોથી સુશોભીત હતા.

જેના રોમે રોમે શ્રી જિનેન્દ્ર ભક્તિ રંગ સ્ફુરાયમાનથી ભક્તિ કરતા ડોલી ઉઠતા હતા.

આ કાળે આવો સુયોગ સ્ત્રી પર્યાયમાં મળવો દુર્લભ હતો. આ પુસ્તિકામાં ઘણીખરી ભક્તિઓ તેઓશ્રી થકી રચાયેલી છે.

ॐ

# કહાન ભક્તિ સરિતા

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૦

સંવત ૨૦૫૦ ચૈત્ર વદ ૨ તા.૨૭/૪/૯૪
(શ્રી માનસ્તંભજી દેવલાલી પ્રતિષ્ઠા મહોત્સવ)
શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલી

મૂલ્ય : ૪-૦૦

: પ્રકાશક :
**શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલી**
કહાન નગર, લામરોડ, દેવલાલી - ૪૨૨ ૪૦૧

: પ્રેરક તથા પ્રાપ્તિસ્થાન :
**પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ,**
કહાન નગર, લામરોડ, દેવલાલી - ૪૨૨ ૪૦૧

: ટાઈપસેટીંગ :
**કે.ટી.કોમ્પયુ ટાઈપોગ્રાફીકસ**
૮, શાલીભદ્ર સોસાયટી,
દેનાબેંક પાસે, નારણપુરા રોડ,
અમદાવાદ : ૩૮૦ ०૧૩.
ફોન : ૪૬૯૮૬૩, ૪૨૩૬૫૪

## શ્રી માનસ્થંભજી ભગવાનને નમસ્કાર હો.

જેમના પ્રભાવથી સંગેમરમરનો વિશાળ શ્રી માનસ્થંભ પર ફુટ ઊંચો, અનેક મનોહર ચિત્રપટોથી સુશોભીત, ભવ્ય માનસ્તંભ અહીં કહાન નગર સંકુલનમાં નિર્મિત થયો છે તે પરમ પ્રભાવ ચૈતન્યવિભૂતિ ધારક, કલ્યાણમૂર્તિ, આત્મજ્ઞ સત્તપુરુષ શ્રી કાનજીસ્વામીનો છે.

શ્રી માનસ્થંભજીને દેખતાં જ માનથી યુક્ત એવા મિથ્યાદ્રષ્ટિ જીવોનું અભિમાન ગળી જાય છે અને ઈંદ્ર વગેરે સર્વ જીવો તેનું સન્માન કરે છે તેથી તેને "માનસ્થંભ" કહેવાય છે, તેને 'ઈન્દ્રધ્વજ' પણ કહેવાય છે અને જૈનધર્મનો વૈભવ દેખાડનાર હોવાથી તેને "ધર્મવૈભવ" પણ કહેવાય છે.

ભગવાન શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં ચારે બાજુ દિવ્ય માનસ્થંભ હોય છે; સ્વર્ગમાં શાશ્વત માનસ્થંભો છે. સૌધર્મ-ઈન્દ્રો વગેરે સ્વર્ગના માનસ્થંભોમાંથી શ્રી તીર્થંકરદેવના જન્મોત્સવાદિ માટેના આભૂષણોથી ભરેલા પટારામાંથી લાવે છે.

અહીનો માનસ્થંભ એ એક ખાસ દર્શનીય સુશોભીત ઉન્નત વસ્તુ છે તેની ત્રણ પીઠિકાઓ ભક્તિ-ભરેલા ચિત્રોથી તથા શ્લોકો વગેરેથી સુશોભિત છે.

અહીં શ્રી સમવસરણ છે તેની સન્મુખ આ ભવ્ય માનસ્થંભ નિર્મિત થયો છે. તેમાં બિરાજમાન કરવામાં આવનાર શ્રી જિન બિંબનો પ્રતિષ્ઠા મહોત્સવ કરતા અત્યંત આનંદ હર્ષ અનુભવીએ છીએ.

દિવ્ય માનસ્થંભમાં બિરાજમાન શ્રી સીમંધર ભગવાન

જયવંત વર્તો.

# -: પ્રકાશકીય નિવેદન :-

ભારતવર્ષની ધન્યધરા પર અધ્યાત્મનો ઉદય થયો છે. તે ખરેખર અધ્યાત્મયુગ પ્રવર્તક પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો કોઈ અસાધારણ પરમ પ્રતાપ છે.

અહો! આવા અસાધારણ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં પૂણ્ય સ્મૃતિમાં એક ભવ્ય સ્મારક કહાન નગર દેવલાલી મધ્યે 'પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ' અંતર્ગત નિર્માણ થયું છે. અહીં ખૂબ જ સુંદર ધાર્મિક પ્રવૃત્તિ-પ્રચાર પ્રસાર સુચારુ રૂપથી સંચાલન થાય છે.

આ સંસ્થાની પ્રેરણાથી વીર સં.૨૫૧૭નાં દિવાળી પ્રસંગે શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ, દેવલાલીની સ્થાપના થઈ. આ મંડળ દ્વારા દેવલાલીમાં ઘણી સુંદર પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વર્ષ દરમ્યાન અનેક પ્રવૃત્તિ થતી રહે છે. આધ્યાત્મિક, સાંસ્કૃતિક, મનોરંજક કાર્યક્રમો, પાઠશાળા, બાળકોનાં પ્રશ્નમંચ, હરીફાઈ, વકૃત્વ સ્પર્ધા, તત્વચર્ચા, ભક્તિ વિ. કાર્યક્રમો આ મંડળ દ્વારા આયોજન કરવામાં આવે છે. સાથે સાથે તીર્થક્ષેત્રોની યાત્રાપ્રવાસ તથા પુસ્તક પ્રકાશનનું કાર્ય પણ કરવામાં આવે છે.

આ મંડળ તરફથી પ્રથમ સ્તવન મંજરીનું પ્રકાશન કરવામાં આવ્યું. ત્યાર બાદ આ વર્ષે નવેમ્બરમાં માંગી તુંગીજીની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

પરમપૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૪મી જન્મ જયંતી તથા શ્રી માનસ્તંભજીનાં શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે દરરોજ સાંજનાં પ્રત્યેક મુમુક્ષુઓનાં ઘેર ઘેર વારા ફરતી સાંજી-ભક્તિગીતો ગાવાનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. આવા પ્રસંગોએ ઉપયોગમાં આવી શકે તેવી ૧૦૪ ભક્તિનું સંકલનવાળું પુસ્તક પ્રકાશિત

કરવાનું શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ દેવલાલીએ નક્કી કર્યું. આ નિર્ણય જાહેર થતાં સાંજીમાં ઉપસ્થિત બહેનો તરફથી પાંચ દિવસમાં જ સારો એવો ફાળો થયો તેના ફળસ્વરૂપ આ 'કહાન ભક્તિ સરિતા' આપની સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

પ્રસ્તુત પુસ્તિકામાં સાંજીના ગીતો, પ્રાસંગિક ગીતો, પૂ.ગુરુદેવ શ્રીના ભક્તિગીતો જિનેન્દ્ર ભક્તિ, તથા દેવલાલીમાં આગામી શ્રી માનસ્તંભજીનાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવને લક્ષમાં લઈ તેનાં ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધી ભક્તિઓ કરતાં બંને બેનો પૂજ્ય બેન શ્રી ચંપાબેન તથા પૂજ્ય બેનશ્રી શાંતાબેનનો ભક્તિ ઉછરંગ યાદ આવે છે સાચી ભક્તિ તો જ્ઞાનીની જ હોય છે.

પ્રસ્તુત પુસ્તક આપની સમક્ષ છે. અમોને આશા છે કે આ સંકલન સમાજમાં ઉપયોગી થશે. આત્મહિતની પ્રેરણા આપશે. એવી ભાવના સાથે આ પુસ્તક આપની સમક્ષ રજુ કરીએ છીએ.

લિ.
શ્રી જૈન મુમુક્ષુ મહિલા મંડળ,
દેવલાલી

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | **શ્રી જિનેન્દ્રદેવ ભક્તિ વિભાગ** | **૧૧ થી ૨૪** |
| ૧. | નમીયે શ્રી પંચપદને નેહે. | ૧૧ |
| ૨. | અરિહંત નમો ભગવંત નમો | ૧૨ |
| ૩. | ભાવે ભજો ભાવે ભજો | ૧૩ |
| ૪. | ૐ જ્ઞાન ઘનં ચૈતન્યમથી | ૧૪ |
| ૫. | આવો આવો સીમંધરનાથ અમ ઘેર | ૧૫ |
| ૬. | આવો આવો સીમંધર પ્રભુમળીયા રે | ૧૬ |
| ૭. | ધન્ય ભાગ્ય અમારે આંગણે પધાર્યા માનસ્તંભ | ૧૭ |
| ૮. | રત્નનું પારણું ને મણિરત્ને જડ્યું | ૧૮ |
| ૯. | મારા નાથની વધાઈ આજે છે. | ૧૯ |
| ૧૦. | ઊંચા ઊંચા રૂડા માનસ્તંભ | ૨૦ |
| ૧૧. | આજ મારે રે આંગણીએ શ્રી જિનવરજી પધાર્યા | ૨૧ |
| ૧૨. | મારા દેવલાલીમાં માનસ્તંભ પધાર્યા | ૨૨ |
| ૨. | **શ્રી જિનવાણી ભક્તિ વિભાગ** | **૨૪ થી ૩૪** |
| ૧૩. | મહિમા હૈ અગમ જિનાગમ કી | ૨૪ |
| ૧૪. | ચરણોં મેં આ પડા હૂં | ૨૫ |
| ૧૫. | ધન્ય દિવ્યવાણી ૐ કારનેરે | ૨૫ |
| ૧૬. | જય જય મંગલકારી મહાન પ્રાત પ્રણમું | ૨૬ |
| ૧૭. | હે જિનવાણી માતા તુમકો લાખો પ્રણામ | ૨૭ |
| ૧૮. | હો ભવીયા પામી અમૂલ્ય જિનવાણી | ૨૭ |
| ૧૯. | જિનવાણી અમૃત રસાળ જિનવાણી | ૨૮ |
| ૨૦. | જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા | ૨૯ |
| ૨૧. | જય સમયસાર જય સમયસાર | ૩૧ |
| ૨૨. | આજ દિવ્ય ધ્વની છૂટી વીર મુખથી | ૩૨ |
| ૨૩. | ધન્ય જિનવાણી ધન્ય જિનસ્વામીમાતા | ૩૪ |
| ૩. | **શ્રી વીતરાગી મુનિરાજ ભક્તિ વિભાગ** | **૩૫ થી ૫૧** |
| ૨૪. | હે પરમ દિગંબર યતિ | ૩૫ |
| ૨૫. | જંગલ વસાવ્યું રે જોગીએ | ૩૫ |
| ૨૬. | મૈં પરમ દિગંબર સાધુ કે ગુણ ગાઉં રે | ૩૬ |
| ૨૭. | પરમ દિગમ્બર મુનિવર દેખ | ૩૭ |
| ૨૮. | હૈ સાધુ હૃદય મમ વસિયોજી | ૩૭ |
| ૨૯. | મારા પરમ દિગંબર મુનિવર આયા | ૩૮ |
| ૩૦. | નિત ઊઠ ધ્યાંઉં ગુણ ગાઉં | ૩૮ |
| ૩૧. | ધન્ય મુનિશ્વર આતમ હિતમે | ૩૯ |
| ૩૨. | ઐસે મુનિવર દેખે વનમેં | ૪૦ |
| ૩૩. | તે ગુરુ મેરે મન બસો | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| | ૩૪. | ક્યો કુંદકુંદદેવ કિયો તમારો દેશરે | ૪૨ |
| | ૩૫. | સમકિત સૂરજ સખી ઊગ્યો | ૪૩ |
| | ૩૬. | ક્યારે રે'શું ? અખંડ આનંદમાં | ૪૩ |
| | ૩૭. | હૈ પરમ દિગમ્બર મુદ્રા જિનકી | ૪૪ |
| | ૩૮. | હોલી ખેલે મુનિરાજ | ૪૫ |
| | ૩૯. | ધન્ય અવતાર કુંદકુંદનો રે લાલ | ૪૬ |
| | ૪૦. | અપૂર્વ અવસર એવો ક્યારે આવશે | ૪૭ |
| | ૪૧. | કેવા હશે એ મુનિરાજ | ૫૦ |
| **૪.** | **શ્રી કહાન ગુરુ ભક્તિ વિભાગ** | | **૫૧ થી ૭૫** |
| | ૪૨. | વૈશાખ સુદ બીજનેવાર ઉજમબા ઘેર | ૫૧ |
| | ૪૩. | કહાન-ગુરુદેવ કા જન્મોત્સવ | ૫૨ |
| | ૪૪. | શ્રી સદ્‌ગુરુજી મહીમા અપાર કે | ૫૩ |
| | ૪૫. | શાસન તણા શીરોમણી સ્તવના કરું | ૫૫ |
| | ૪૬. | ગુરુકહાનના એ જન્મને.... | ૫૬ |
| | ૪૭. | માતાને સ્વપ્નાં લાધ્યાં | ૫૭ |
| | ૪૮. | શાસન ઉદ્ધારક પ્રભુ જન્મદિવસ છે | ૫૮ |
| | ૪૯. | ગુરુ રાજની વધાઈ આજે છે. | ૫૯ |
| | ૫૦. | મીઠી લાગે છે કાન જન્મની વધામણી | ૬૦ |
| | ૫૧. | જૈન ડંકા વાગ્યા ને ભવ્યો જાગ્યા | ૬૧ |
| | ૫૨. | ભારતખંડમાં સંત એક ઊગિયો | ૬૧ |
| | ૫૩. | યહ સન્તોકા દેશ હૈ | ૬૨ |
| | ૫૪. | કોના પગલે પગલે ચાલે | ૬૩ |
| | ૫૫. | એક અદ્‌ભુત આતમા | ૬૪ |
| | ૫૬. | અવની ઉદ્ધારવા | ૬૭ |
| | ૫૭. | એક અદ્‌ભુત આતમા વીરનો મારગ જાણતા | ૬૮ |
| | ૫૮. | ખમ્મા મારા ઉજમબાના કહાન મોરલી | ૭૧ |
| | ૫૯. | કહાન જયંતી મનાકે ચલો | ૭૨ |
| | ૬૦. | સીમંધર સભામાં નાદ છૂટ્યાં કે કુંદકુંદ | ૭૩ |
| | ૬૧. | ભારે બન્યો મસ્તાનો | ૭૪ |
| | ૬૨. | કહાન ગુરુકા હૈ કહના | ૭૫ |
| **૫.** | **શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિ વિભાગ** | | **૭૬ થી ૯૭** |
| | ૬૩. | ધન્ય ધન્ય દિન આજ (માનસ્તંભ) | ૭૬ |
| | ૬૪. | યહ આજ સભી મન ભાયા | ૭૭ |
| | ૬૫. | ધર્મધ્વજ ફૂરકે છે મોરે મંદિરિયો | ૭૮ |
| | ૬૬. | ફર ફર ફરકે કેસરીયા (જૈન ઝંડા) | ૭૯ |
| | ૬૭. | લહરાયેગા લહરાયેગા ઝંડા શ્રી મહાવીરકા | ૮૦ |
| | ૬૮. | આજ મારે રે આંગણીયે | ૮૧ |
| | ૬૯. | સત્તની વેળ્યું આવી સત્ મોઝાર | ૮૧ |

| | | |
|---|---|---|
| ૭૦. | મંડપ વચ્ચે વાજા વગડાવો | ૮૨ |
| ૭૧. | કંકુ છાંટી કંકોતરી મોકલો | ૮૩ |
| ૭૨. | હલમલતો હાથીને હતી અંબાડી | ૮૩ |
| ૭૩. | કેસર ટાંકે તોળાય રે | ૮૪ |
| ૭૪. | અગર ચંદનના જિન દ્વાર | ૮૫ |
| ૭૫. | મંડપમાં બાજોકી ઠળાવો કે | ૮૬ |
| ૭૬. | ધન્ય ધન્ય આજનો દિન | ૮૭ |
| ૭૭. | ઢોલ શરણાંયુને વાજા રે વગડાવો | ૮૭ |
| ૭૮. | હોંશે હોંશે દેવલાલી આવો | ૮૮ |
| ૭૯. | પ્રતિષ્ઠા મહોત્સવ મનાવો મેરે સાથી | ૮૯ |
| ૮૦. | જય જિન શાસન સુખકાર રે રંગ કેશરીયો | ૯૦ |
| ૮૧. | લિયા પ્રભુ અવતાર | ૯૧ |
| ૮૨. | રંગમાં રંગમાં | ૯૨ |
| ૮૩. | જલ રે મગીયાના જલ રે સીવડાવો | ૯૩ |
| ૮૪. | શ્રી વીરપ્રભુના જિનાલયમાં | ૯૪ |
| ૮૫. | નિર્વાણ મહોત્સવ દિન આજ | ૯૪ |
| ૮૬. | વીર પ્રભુજી મોક્ષ પધાર્યા | ૯૬ |
| **૬.** | **શ્રી અધ્યાત્મ - વૈરાગ્ય ભક્તિ વિભાગ** | **૯૭ થી ૧૦૭** |
| ૮૭. | સાચો અન્તર સ્વામી | ૯૭ |
| ૮૮. | ચેતન ચતુરાઇથી શિવપુર | ૯૭ |
| ૮૯. | આતમ ન પરઘર જાઓ | ૯૮ |
| ૯૦. | આત્મા હૂં આત્મા હૂં | ૯૮ |
| ૯૧. | અહો ચેતન સમય પાકર | ૯૯ |
| ૯૨. | મોહે ભાવે ન ભૈયા થારો દેશ | ૯૯ |
| ૯૩. | ઓ જાગ રે ચેતન જાગ | ૧૦૦ |
| ૯૪. | ચેતનાને જાગૃત કરવા | ૧૦૦ |
| ૯૫. | જ્યોતી આતમની જગાવ | ૧૦૨ |
| ૯૬. | ભક્તિ કરતા ભેટું જિનરાજ | ૧૦૩ |
| ૯૭. | ચેતન સ્વભાવી તું તો દેવ છે | ૧૦૩ |
| ૯૮. | અહો ગુરુ ભાનુ ભારતના | ૧૦૫ |
| ૯૯. | હમ તો કબહુ ન નિજ ઘર આયે | ૧૦૫ |
| ૧૦૦. | બારહ ભાવના (રાજા રાણા છત્રપતિ) | ૧૦૬ |
| **૭.** | **શ્રી તીર્થધામ ભક્તિ વિભાગ** | **૧૦૭ થી ૧૧૧** |
| ૧૦૧. | અનંત જિનેશ્વરદેવ પ્રભુને લાખો પ્રણામ (શીખરજી) | ૧૦૭ |
| ૧૦૨. | બાળબ્રહ્મચારી જિણંદ પદ ધારી (ગિરનારજી) | ૧૦૯ |
| ૧૦૩. | વાસુપૂજ્ય જિનનાથને ભાવે વંદુ (ચંપાપુરી) | ૧૧૦ |
| ૧૦૪. | અહીં દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે (પાવાપુરી) | ૧૧૧ |

ૐ

શ્રી વિતરાગાય નમઃ

# ૧. શ્રી જિનેન્દ્રદેવ ભક્તિ વિભાગ

૧

પંચ પરમેષ્ટિ સ્તવન (રાગ-કાલી કમલીવાલે....)

નમીયે શ્રી પંચપદને નેહે, મંગલકામ
ભવિયા મંગલકામ ।।નમીયે।।

ઘાતી કર્મનો ઘાત કરીને,
કેવલ કમલા વિમલા વરીને,
પ્રથમ નમો અરિહંત ભવિયા...

અઠવિધ કર્મના મર્મ પ્રજાળી,
સિદ્ધ પ્રભુની પ્રભુતા ભારી,
નમો સિદ્ધિના કન્ત ભવિયા...

ચાર તીર્થના સ્તંભ જે નેતા,
શાસન ધૂર્વહ આનંદ યુતા,
આચાર્ય મહારાજ ભવિયા...

આગમ અર્થને ભણે ભણાવે,
ઉપાધ્યાય મહાસંત કહાવે,
જિનશાસન સામ્રાજ્ય ભવિયા...

ચરણ કરણના ગુણને સેવે,
શિવપદને યુ મુનિવર લેવે,
નમો નમો મુનિરાજ ભવિયા...

આતમતત્ત્વ શ્રધ્ધારૂપ મૂલ,
દર્શનમોહ વિનાશનશૂલ,
દર્શન પદ મનોહાર ભવિયા...

જ્ઞાન સમ્યક્ છે ભવિજલ તરવા,
મોહતિમિરનો વિનાશ કરવા,
જાસ પ્રભા સુખદાય ભવિયા...

સંયમપદ સંયમતા આપે,
દુઃખ દારિદ્રયના કારણ કાપે,
વંદે સુર નર રાય ભવિયા...

નમી શ્રી જિનવર પુણ્ય પ્રભાવે,
પંચપદ મહિમા દિલમાં ધ્યાવે,
આતમને હિતકાર ભવિયા...

## ૨. શ્રી અરિહંત સ્તવન

(ત્રોટક છંદ)

અરિહંત નમો ભગવંત નમો,
પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત,
સિધ્યાં સઘળા કાજ નમો ...અરિહંત

પ્રભુ પારંગત પરમ મહોદય,
અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્ભુત અતિશય નિધિ,
પ્રવચન જલધિ મયંક નમો ...અરિહંત

તિહુયણ ભવિયણ જિન મન વાંછિય,
પૂરણ દેવરસાલ' નમો;
લળી લળી પાય નમું હું ભાવે,
કર જોડીને ત્રિકાળ નમો ...અરિહંત

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન,
નયનાનંદન દેવ નમો;

સકલ સુરાસર નરવર નાયક,
સારે અહોનિશ સેવ નમો ...અરિહંત.

તું તીર્થંકર સુખકર સાહિબ,
તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ,
તુહિ કૃપારસ સિંધુ નમો ...અરિહંત

કેવલજ્ઞાનાદર્શે દર્શિત,
લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ,
દુરિત ઉપદ્રવ ભાવ નમો ...અરિહંત

જગ ચિંતામણિ જગગુરુ,
જગહિત કારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ,
તું શિવપુરનો સાથ નમો ...અરિહંત

અશરણ શરણ નીરાગ નિરંજન,
નિરુપાદિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર,
શ્રી સદ્ગુરુદેવ નમો ...અરિહંત

## ૩. ભાવે ભજો જિનરાયા

ભાવે ભજો ભાવે ભજો જિનરાયા,
ચોવિશ જિનવર પાયાજી, પાયા.

ઋષભ, અજિત, સંભવ, અભિનંદન,
સુમતિ, પદ્મ, સુપાસ જિનરાયા,
ભાવે વંદો (૨) જિનરાયા. ચોવિશ...

ચંદ્ર, પુષ્પ, શીતલ, શ્રેયાંસ પ્રભુ,
વાસુપૂજ્યકા પૂજન રચાયા,
નમન કરો (૨) જિનરાયા. ચોવિશ...

વિમલ, અનંત, ધરમનાથ ઉજ્જવલ,
શાંતિ, કુંથુ, અર, મલ્લી મનાયા,
હૈયે ધરો (૨) જિનરાયા. ચોવિશ...

મુનિસુવ્રત, નમિનાથ, નેમ પ્રભુ,
પાર્શ્વ, વીરકો દિલમેં બિઠાયા,
ઐસા બનૂં, તુજ જૈસા બનૂં, જિનરાયા.ચોવિશ.

વીતરાગ પરિણતિ પ્રગટાકર,
નિગ્રંથોકા પદ અપનાકર,
સમ્યકત્વ લહૂં, ચરિત્ર લહૂં જિનરાયા. ચોવિશ...

શુક્લધ્યાનકી શ્રેણી ચઢકર,
ક્ષણમેં કેવલજ્ઞાન ઉપાયા,
કૈવલ્ય લહૂં, આનંદ લહૂં જિનરાયા. ચોવિશ...

સ્યાદ્વાદમય દિવ્ય-ધ્વનિ સે,
જગ કો મુક્તિ માર્ગ બતાયા,
ઐસા બનૂં તુમ જૈસા બનૂં જિનરાયા. ચોવિશ...

૪.

ૐ જ્ઞાન ઘનં ચૈતન્યમયી, અરિહંત સદા જયવંત રહો,
અરિહંત સદા જયવંત રહો પ્રભુ સિદ્ધ સદા જયવંત રહો,
જયવંત રહો જયવંત રહો પ્રભુ સિદ્ધ સદા જયવંત રહો,
ૐ જ્ઞાન ઘનં ચૈતન્યમયી આચાર્ય સદા જયવંત રહો,
આચાર્ય સદા જયવંત રહો ઉપાધ્યાય સદા જયવંત રહો,
જયવંત રહો જયવંત રહો મુનિરાજ સદા જયવંત રહો,
ૐ જ્ઞાન ઘનં ચૈતન્યમયી જિનવાણી સદા જયવંત રહો,
જયવંત રહો જયવંત રહો જિનવાણી સદા જયવંત રહો,

ૐ જ્ઞાન ઘનં ચૈતન્યમયી ગુરુરાજ સદા જયવંત રહો,
જયવંત રહો જયવંત રહો સર્વે સંતજનો જયવંત રહો,
જયવંત રહો જયવંત રહો જિનશાસન ધર્મ સદા
જયવંત રહો.

## ૫. શ્રી સીમંધરનાથ જિન-સ્તવન.

(રાગ - આવો આવો ત્રીશલાનાનંદ અમઘેર આવો રે)

આવો આવો સીમંધરનાથ અમઘેર આવો રે.
રૂડા ભક્તિવત્સલ ભગવંત નાથ પધારો રે. આવો. ૧

શ્રી ત્રીભુવન તારક દેવ મારે ઘેર આવો રે,
મારા મનના મનોરથ આજ પૂરા પાડો રે. આવો. ૨

પ્રભુ દેખી ઉપશમ નૂર હૈડે હરખ્યો રે,
મેં દેખ્યો જિન દીદાર વાંછિત ફળીયો રે. આવો. ૩

એ ભેટ્યો શ્રી જિનરાજ સાર એ દીનથી રે,
મેં દેખ્યો એ સુખકાર દરીશણ જીનથી રે. આવો. ૪

હું કઇ વિધ પૂજું નાથ કઇ વિધ વંદુ રે,
મારે આંગણે વિદેહી નાથ જોઇ જોઇ હરખું રે. આવો. ૫

પ્રભુ સુરતરૂથી પણ અધિક મુજને મળીયો રે,
મારો જન્મ થયો કૃતાર્થ સુરમણી ફળીયો રે. આવો. ૬

કહાનપ્રભુ પ્રતાપે આજ જિનવર મળીયા રે,
મારા આતમના એ દુઃખ સર્વે ટળીયા રે. આવો. ૭

ગુરુરાજે કર્યો ઉપકાર રાખી નહિ ખામી રે,
આ પામર પર કરુણા અતિ વરસાવી રે. આવો. ૮

શ્રી દેવ અને ગુરુરાજ મારે ઘેર આવો રે,
હું અંતરના ઉછરંગે પ્રભુજી વધાવું રે. આવો. ૯

૬.

(રાગ - આવો આવો પાસજી મુને મળીયા રે)

આવો આવો સીમંધર પ્રભુ મળીયા રે,
મારા મનના મનોરથ ફળીયા; આવો આવો.
મારા આંગણા આજ ઉજળીયા, આવો.
મારા અંતર આજ ઉજળીયા; રે આવો.
મારા કાર્ય સર્વે સુધરીયા. આવો. ૧

તારી મૂર્તિ મોહનગારી રે,
સર્વ ભક્તને લાગે છે પ્યારી રે;
તમને મોહી રહ્યા સુરનરનારી. આવો. ૨

અલબેલી મૂરત પ્રભુ તારી રે,
તારા મુખડા ઉપર જાવું વારી રે;
ભવ્ય જીવોને લીધા ઉગારી. આવો. ૩

ધન્ય ધન્ય દેવાધિદેવા રે,
સુરલોક કરે છે સેવા રે;
અમને આપોને શિવપુર મેવા. આવો. ૪

જે કોઇ સીમંધર તણા ગુણ ગાશે રે,
ભવ ભવના પાતિક જાશે રે;
તેના સમકિત નિર્મળ થાશે. આવો. ૫

તમે શીવરમણીના રસીયા રે,
મહાવિદેહ ક્ષેત્રમાં વસીયા રે;
મારા હૃદય કમળમાં વસીયા. આવો. ૬

પ્રભુ સીમંધર જિનરાયા રે,
માતા સત્યવતીના જાયા રે;
અમને દરીશન દોને દયાળા. આવો. ૭

ગુરુરાજ પ્રતાપે પ્રભુ મળીયા રે,
મારા ગુરુજી છે ગુણના દરીયા રે;
જ્ઞાન દર્શનાદીક ગુણથી ભરીયા રે. આવો. ૮

હું તો લળી લળી લાગું છું પાય રે,
મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ ભક્ત ભાવેથી ગુણગાય. આવો. ૯

## ૭. શ્રી માનસ્તંભ સ્તવન

ધન્ય ભાગ્ય અમારે આંગણે પધાર્યા માનસ્તંભ ભગવાન;
વધાવું આજ હીરલે થાળ, ભરી ભગવાન.

સુવર્ણપુરીમાં આજ પધારી ન્યાલ કર્યા ભગવાન,
તુમ ચરણે પ્રભુ નિશદિન રહીને,
કરીએ આત્મકલ્યાણ. ...વધાવું.

મહિમા શાશ્વત જિનની ગાજે,
ત્રણ ભુવનની માંહી;
સેવકને હો જિનની સેવા,
ધન્ય દિવસ ધન્ય કાળ. ...વધાવું.

શ્રી માનસ્તંભે રત્ન પટારા,
ઝૂલે સ્વર્ગની માંહી;
જિનેંદ્રદેવના વસ્ત્રાભૂષણ,
શાશ્વત સ્તંભની માંહી. ...વધાવું.

વસ્ત્રાભૂષણ ઈંદ્રો લાવે,
મધ્ય લોક મોઝાર;
જન્મકલ્યાણકે જિનને પહેરાવે,
ઈંદ્ર પૂજે ભગવાન. ...વધાવું.

બાગ બગીચા વાવડી સોહે,
અભિષેક ઘંટા નાદ;

મુક્તિની રમણિકતા આવી,
માનસ્તંભને દ્વાર. ...વધાવું.

જ્ઞાયક છો પ્રભુ વિશ્વતણા એ,
અનંત ગુણના નાથ;
આતમપદ દાતાર છો પ્રભુ,
ચિદ્‌સ્વરૂપ શણગાર. ...વધાવું.

કલ્પવૃક્ષ મુજ આંગણે ફળીયો,
મનચિંતિત દાતાર;
ત્રણ ભુવનના નાથ પધાર્યા,
ગુરુજીને હરખ ન માય. ...વધાવું.

કહાન ગુરુના પરમ પ્રતાપે,
ભેટ્યા શ્રી માનસ્તંભ;
જિનવર ઋદ્ધિ નજરે નિહાળી,
હૈડું હરખી જાય. ...વધાવું.

પંચમકાળે વિરહ ભૂલાવ્યા,
ભેટાડ્યા ભગવંત;
જિનેંદ્રદેવના રહસ્ય ખોલ્યાં,
એ કહાન પ્રભુ જયવંત. ...વધાવું.

## ૮. શ્રી જિન સ્તવન

(રાગ - હલમલતો હાથી)

રત્નનું પારણું ને મણિરત્ને જડિયું,
રેશમની દોરીએ ઝૂલાવે માતાજી લાલ;
ત્રિલોકીનાથ આજે ઝૂલે પારણીએ.

સુરેંદ્રો સહુ મળી જિનને ઝૂલાવે,
પોઢે પારણીયે, માતાજી નંદન લાલ;
પિતાજી આંગણે કલ્પતરૂ સોહે,

તીર્થંકર બાળ ખેલે, પિતાજી દ્વાર લાલ;
માતાજી નંદન છે ને જગતનો નાથ છે,
પ્રશમ રસ નયણે સોહે, વારણાં ઉતારું લાલ;
ગુણનિધિ ગુણસાગર પ્રભુજી જન્મ્યા,
ધન્ય ધન્ય દિવસ સોહે, ઘનનન ઘંટા વાગે,
પરમ દયાળુ કરુણાધાર કૃપાળ છો,
જગતનો નાથ એ, સેવક આધાર લાલ;

## ૯. શ્રી જિન સ્તવન

મારા નાથની વધાઈ આજે છે,
મારા સ્વામીની વધાઈ આજે છે,
એના શબ્દ ગગનમાં ગાજે છે. ... મારા.
ત્રણ જ્ઞાન વિરાજીત જન્મ્યા છે,
ત્રણ લોકના દ્રવ્ય પ્રકાશ્યા છે,
સુરલોકમાં ઘંટા વાજે છે. ...મારા.
આજ સ્વર્ગેથી ગજરાજ આવ્યા છે,
ઘન ઘંટ ચંવર ધજા ફરક્યા છે,
સુર અપછર નૃત્ય બજાવે છે. ...મારા.
ઈંદ્ર ઐરાવત હાથી લઈ આવ્યા છે,
માનસ્તંભેથી આભૂષણ લાવ્યા રે,
મારા નાથને મેરૂએ લઈ ચાલ્યા છે..મારા
સહસ્ત્ર લોચન ઈંદ્ર બનાવે છે,
જિનરૂપ લળી લળી નીરખે છે,
નયનો તૃપ્તિ નહી પાવે છે. ...મારા.
ક્ષીરસાગરથી જલ લાવે છે,
જિનરાજને અભિષેક કરાવે છે,
શક્રરાજનાં દીલડાં ઉલ્લસે છે....મારા.

આજ તાંડવ નૃત્યો સોહે છે,
ગંધોદક વરસા વરસે છે,
જિનમહિમા જગતે ગાજે છે....મારા.

લોકાલોક વિકાસી જિનરાયા છે,
જગસાક્ષી મહા ગંભીરા છે,
ભવભયહારી ભગવંતા છે. ...મારા.

ગુણરત્ન નાથ પધાર્યા છે,
મુજ આંગણે કલ્પતરૂ ફળીયા છે,
ગુરુરાજ પ્રતાપે જિન મળીયા છે...મારા.
સેવકનાં હૈડાં હરખ્યાં છે... મારા.

## ૧૦. શ્રી માનસ્તંભ સ્તવન

(લાખ લાખ દીવડાની-રાગ)

ઊંચા ઊંચા રૂડા માનસ્તંભ
રૂડા તે રૂડા મારા જિનવર સોહે,
દૃશ્યો એ અદ્ભુત દેખાય,
સુંદર એ માનસ્તંભ જિણંદના ...૧

લાખ લાખ હિરલાના કળશ ચડાવીએ,
લાખ લાખ મોતીના તોરણ બંધાવીએ,
લાખોના માનસ્તંભ સોહાય -સુંદર ...૨

વિદેહીનાથ મારે આંગણે પધારીયા,
આવીને સેવકનાં અંતર ઉછાળીયા,
આવો આવોને ભગવાન -સુંદર ...૩

વિદેહીનાથે વૃદ્ધિ કરાવી,
દેવલાલીની શોભા વધારી,
ઝળકે જિણંદજીના તેજ -સુંદર ...૪

શાશ્વત માનસ્તંભ સ્વર્ગે જિણંદના,
ઊર્ધ્વ મધ્ય ને આદિ ત્રિલોકમાં,
રમણિક છે જિનધામ -સુંદર ...૫

શાશ્વત જિનબિંબ ત્રણ લોકે બિરાજે,
જિનરચના એ કુદરત રચાયે,
મહિમા શાશ્વત જગમાંય -સુંદર ...૬

પગલે પગલે ગુણ ગાવો જિણંદના,
હૈડામાં વેણલા વહાવો જિણંદના,
જન્મોના દુઃખડાં એ જાય -સુંદર ...૭

ધન્ય ઉજમબા માતાના નંદન,
એ મંગળમૂર્તિને મારા કોટી કોટી વંદન,
તુજ પગલે પગલે પ્રભાવ -સુંદર ...૮

જિનેંદ્રમહિમા ગુરુ ભરતે વહાવી,
સત્ય સ્વરૂપની ધૂન મચાવી,
તુજ ગુણો પર વારી વારી જાઉં -સુંદર ...૯.

## ૧૧. શ્રી જિન સ્તવન

(મહાવીરા તેરી ધૂનમેં-રાગ)

આજ મારે રે આંગણીએ શ્રી જિનવરજી પધાર્યા,
શ્રી જિનવરજી પધાર્યા, શ્રી જિનવરજી પધાર્યા,
શ્રી જિવનરજી પધાર્યા-આજ મારે રે. ...૧

સીમંધરનાથ આવો, તીર્થંકરદેવ પધારો (૨)
જયનાદ ગગનમાં ગાજે, હૈડાં સેવકનાં હરખે-આજ. ...૨

હૈડાના હાર આવો, આતમ શણગાર પધારો (૨)
પાવન સેવકને કરીને, સેવક સામું નીહાળો-આજ. ...૩

કઇ વિધ વંદું સ્વામી, કઇ વિધ પૂજૂં સ્વામી. (૨)
ત્રિલોકીનાથ પધાર્યા, અમ સેવકના આંગણીએ-આજ. ...૪

શ્રી માનસ્તંભ સોહે, સીમંધરનાથ બિરાજે, (૨)
વિભૂતી જગની આવે, શ્રી જિનવરના ચરણોમાં-આજ ...૫

ધ્યાન ધુરંધર સ્વામી, વીતરાગ વિલાસી સ્વામી
સુખમંદિર જિનવરદેવા, હમ રહીએ તુજ ચરણોમાં-આજ...૬

ત્રિલોકીનાથ ચરણે, મુક્તિનું સુખ નિહાળું, (૨)
દિનરાત જિનને ધ્યાવું, અંતરમાં નાથ વસાવું-આજ ...૭

ગુરુ કહાન જિનને નીરખે, હૈડામાં હરખી જાયે, (૨)
તુજ વારણાં ઉતારે, સુવર્ણે મંગલ થાયે-આજ. ...૮

ગુરુ કહાનના પ્રતાપે, જિનરાજ ભેટ્યા આજે (૨)
આ પંચમકાળ ભૂલાયે, નિત નિત મંગળ થાયે-આજ ...૯

## ૧૨. શ્રી જિન સ્તવન

(સુંદર સુવર્ણપુરીમાં-રાગ)

મારા દેવલાલીમાં માનસ્તંભ પધારીયા રે,
શ્રી જિનેંદ્રદેવના વૈભવની શી વાત;
મારે આંગણે આજે કલ્પવૃક્ષ ઊગીયો રે,
મારું હૈડું હરખે હલમલ હલમલ થાય,
મારા ઊરમાં આજે સોના સુરજ ઊગીયો રે ...મારા.૧

(સાખી)

મહાવિદેહે બિરાજતા, સીમંધર ભગવાન;
સમોસરણ ત્યાં સોહતા, કંઈક નમુનો આંહી,
તુજ કૃપાથી દાસે તારો વૈભવ દેખીયો રે,
જેને દેખીને ગણધરને આશ્ચર્ય થાય;
જેના માન ને મરતબા સહુ ગળી ગયા રે ...મારા.૨

(સાખી)

શ્રી જિનેંદ્ર વીતરાગદેવ, વિદેહી ભગવાન;
વીતરાગતા છાઈ રહી, સ્વપર પ્રકાશક જ્ઞાન,

પ્રભુજી તારે પગલે પગલે મારે આવવું રે,
હું તો જ્યાં જોઉં ત્યાં દેખું મારો નાથ,
એવા નાથ મારા હૈડામાં નિત્યે વસો રે...મારા

પ્રભુજી બીજું મારે જોવાનું નહિ કામ,
મારા હ્રદયે એક વીતરાગતા વસી રહો રે ...મારા.૩

(સાખી)

અનંત ચતુષ્ટય યુક્ત હો, ત્રણભુવનના નાથ;
આતમપદ દાતાર હો, ધરતા નિજગુણ રાશ.
આવો આવો એવા જિનવર મારે મંદિરે રે,
હું તો કઇ વિધ વંદું કઇ વિધ પૂજું નાથ;
મારે આંગણે આજે ત્રિલોકીનાથ પધારીયા રે ...મારા ૪

(સાખી)

માનસ્તંભ ઉન્નત અતિ, ચૌદિશ દર્શન થાય,
જગ સર્વને બોલાવતો, અભિમાની નમી જાય.
જેના દર્શનેથી પરભાવો ટળી જતા રે,
જેને પરખી લેતાં આતમને પરખાય,
એવી જિન વિભૂતિ દેવલાલીમાં ઊતરી રે ...મારા ૫

(સાખી)

અદ્‌ભુત અનુપમ કાર્યો કર્યાં, અહો! શ્રી સદ્‌ગુરુદેવ,
ધર્મસ્તંભને થાપીયા, અંતરમાં ને બાહ્ય.
ગુરુજી તુજ ગુણની મહિમાને હું તો શુ કથું રે,
તારી કીર્તિ વ્યાપી દશો દિશામાંય;
તુજ ગુણોએ આખા ભારતને ડોલાવીયું રે,
તુજ ચરણને સેવી સેવક ભવઅંત પામીયા રે ...મારા ૬

### શ્રી સીમંધર સ્તવન

વિદેહી જિણંદજી સોહામણા રે લાલ,
ભક્તિ કરું હું તારી ભાવથી રે લાલ,
ધન્ય અવતાર જિનરાજનો રે લાલ.
સમોસરણમાંહી બિરાજતા રે લાલ,
જ્ઞાન સમુદ્ર ઉછળતા રે લાલ, .....ધન્ય અવતાર

દિવ્ય ધ્વનિના નાદ ગાજતા રે લાલ,
અનંત રહસ્ય આવે સામટા રે લાલ. .....ધન્ય

ધન્ય વિદેહી જીવ સાંભળે રે લાલ,
નિત્ય ઝૂલે જ્ઞાનકુંજમાં રે લાલ. .....ધન્ય

નિરાવરણ સર્વજ્ઞ છે, રે લાલ,
જગનામી વસો મુજ મંદિરે રે લાલ. .....ધન્ય

સુરપતિ સેવા કરે રે લાલ,
તુજ ચરણાંબુજ ધ્યાવતા રે લાલ .....ધન્ય

ઉંચા ઉંચા તે માનસ્તંભ સોહતા રે લાલ,
પ્રતિષ્ઠા મહોત્સવ થાય ભાવથી રે લાલ. .....ધન્ય

મેં તુમ શરણ ગ્રહ્યું ભાવથી રે લાલ,
સેવકને શરણે રાખજો રે લાલ. .....ધન્ય

# ૨. શ્રી જિનવાણી ભક્તિ વિભાગ

### ૧૩.

મહિમા હૈ અગમ જિનાગમ કી મહિમા હૈ
જાહિ સુનત જડ ભિન્ન પિછાની,
હમ ચિન્મૂરતિ આતમ કી ...૧

રાગાદિક દુઃખ કારણ જાને,
ત્યાગ બુદ્ધિ દીની ભ્રમ કી ...૨

જ્ઞાન જ્યોતિ જાગી ઉર,
અન્તર રુચિ બાઢી પુનિસમદમકી ...૩
કર્મબંધ કી ભઇ નિરજરા,
કારણ પરમ પરાક્રમ કી ...૪
'ભાગચંદ' શિવ-લાલચ લાગી,
પહુંચ નહી હૈ જહંજમકી ...૫

## ૧૪.

ચરણો મેં આ પડા હૂં હે દ્વાદશાંગ વાણી,
મસ્તક ઝુકા રહા હૂં, હે દ્વાદશાંગ વાણી.
મિથ્યાત્વકો નશાયા, નિજ તત્ત્વકો પ્રકાશા,
આપા-પરાયા ભાસા, હો ભાનુ કે સમાની. ...૧
ષટ્ દ્રવ્ય કો બતાયા, સ્યાદ્વાદ કો બતાયા,
ભવફન્દ સે છુડાયા, સચ્ચી જિનેન્દ્ર વાણી. ...૨
રિપુ ચાર મેરે મગમેં, જંજીર ડાલે પગમેં,
ઠાડે હે મોક્ષ મગમેં, તકરાર મોં સોં ઠાની. ...૩
દે જ્ઞાન મુઝકો માતા, ઇસ જગસે તોડૂં નાતા,
હોવે સુદર્શન સાતા, નહિં જગમેં તેરી સાની....૪

## ૧૫. શ્રી જિનવાણી સ્તવન.

(સહુ ભાવે નમો ગુરુરાજને રે - એ દેશી)

ધન્ય દિવ્ય વાણી ૐ કારને રે,
જેણે પ્રગટ કર્યો આત્મદેવ;
જિનવાણી જયવંત ત્રણ લોકમાં રે. ...૧
સ્યાદ્વાદ અંકિત શાસ્ત્રો મહારે,
સમયસાર પ્રવચનસાર...જિનવાણી ...૨
સર્વાંગેથી દિવ્ય ધ્વની ખીરતીરે,
જેમાં આશય અનંત સમાય...જિનવાણી ...૩

સુવિમલવાણી વીતરાગની રે,
દર્શાવે શુદ્ધાત્મ સાર...જિનવાણી ...૪

શુદ્ધામૃત પૂરિત સરીતા વહે રે,
વહે પૂર અનાદિ અનંત...જિનવાણી ...૫

માત રત્નત્રયી દાતાર છો રે,
તું છો ભવસાગરની નાવ...જિનવાણી ...૬

શિવમાર્ગ પ્રકાશક ભારતી રે,
કરે કેવળજ્ઞાન વિકાસ...જિનવાણી ...૭

ખોલ્યાં રહસ્ય જિનવાણી માતના રે,
ગુરુ કહાન વરતાવે જયકાર...જિનવાણી ...૮

## ૧૬. શ્રી જિનવાણી સ્તવન.

(જ્યોતિ ભક્તિની જગાવ - એ દેશી)

જય જય મંગલકારી મહાન પ્રાતઃ પ્રણમું હે જગમાત,
તું પરમ જ્ઞાન સુઝાવે ભવતાપોના દુઃખ બુઝાવે.
સુરનર પૂજિત તાર પાદ...પ્રાતઃ ...૧

તું સકલ વિરોધ મિટાવે તું વસ્તુ સ્વરૂપ પ્રકાશે,
સ્યાદ્વાદ ધરે નિશાન...પ્રાતઃ ...૨

તું શુદ્ધામૃત દાતારી સંતોના હ્રદયે પ્યારી,
રમતી અહર્નિશે હે માત...પ્રાતઃ ...૩

જિનવાણી અતિશય ગર્જે ભવિચિત્ત મયુર શું નાચે,
સુણતા થાયે સહજકલ્યાણ...પ્રાતઃ ...૪

તારી કથતાં ગંભીરતાને શ્રુતકેવળી પાર ન પામે,
સર્વે મંગલમાં શિરતાજ...પ્રાતઃ ...૫

સિદ્ધોનું સ્થાપન કરતી ભવિ અંતરમાં તું વસતી.
તું છો એક જગ આધાર...પ્રાતઃ ...૬

તું અનંત ચતુષ્ટપ્રકાશે ભવ્ય જીવોને ઉદ્ધારે,
તારી મહિમા સુણાવે કહાન...પ્રાતઃ ...૭

## ૧૭. જિનવાણી - સ્તુતિ.

(ચાલ કાલી કમલી વાલે)

હે જિનવાણી માતા તુમકો લાખોં પ્રણામ,
તુમકો ક્રોડો પ્રણામ;
શિવ સુખદાની માતા તુમકો લાખોં પ્રણામ. ...ટેક
તૂ વસ્તુ સ્વરૂપ બતાવે, અરૂ સકલ વિરોધ મિટાવે,
સ્યાદ્વાદ વિખ્યાંતા તુમકો લાખોં પ્રણામ. ...૧
તૂ કરે જ્ઞાતાકા મણ્ડન, મિથ્યાત કુમારગ ખણ્ડન,
હે તીન જગતકી ત્રાતા, તુમકો લાખોં પ્રણામ....૨
તૂ લોકાલોક પ્રકાશે, ચર અચર પદાર્થ વિકાસે,
હે વિશ્વતત્ત્વકી જ્ઞાતા, તુમકો લાખોં પ્રણામ. ...૩
તૂ સ્વપર સ્વરૂપ સુઝાવે, સિદ્ધાન્તકા મર્મ સમઝાવે,
તૂ મેટે સર્વ અસાતા, તુમકો લાખોં પ્રણામ. ...૪
હે માત કૃપા અબ કીજે, અબ પરભવ સકલ હર લીજે,
"શિવરામ" સદા ગુણ ગાતા, તુમકો લાખોં પ્રણામ. ...૫

## ૧૮. શ્રી જિનવાણી સ્તવન.

(પારેવડા જાજે વીરાના દેશમાં - રાગ)

હો ભવિયા પામી અમૂલ્ય જિનવાણી,
હો ભવિયા પામી અમૂલ્ય ગુરુવાણી;
તું ઉતરજે અંતરમાંહી હો ભવિયા.
ત્રિભુવન દીપક જિનનીસેવા,
અખૂટ ગુણના મેવા લેવા;
સેવીએ આ સતધર્મવાણી હો ભવિયા

દીપક જ્ઞાનનો ઘટમાં જગાવી,
દર્શનશુદ્ધિ નિર્મળ પામી;
સુણીએ એ દિવ્ય જિનવાણી હો ભવિયા.

વિશ્વ વિલોચન તારણહારી,
કલ્પ વચણ છે ચમકત તારી;
અહો મન વાંછિત દેનારી હો ભવિયા.

વિશ્વભરની એ પુનિતવાણી,
ગુણગણગંગ પ્રવાહ નિશાની;
અહો ઉજમબા માત સુતવાણી હો ભવિયા.

અમૂલ્ય રહસ્ય પરમાગમના,
જ્ઞાન કાટ ખોલીને બતાવ્યા;
ગુરુ કહાને અમૃત રેલાવીયા હો ભવિયા.

ચૈતન્યદેવના હાર્દ તપાસનારી,
ગુણના સુક્ષ્મ ભાવો જણાવનારી;
એ અદ્ભુત ગુરુ કહાન વાણી હો ભવિયા.

ચોબાજુથી સુક્ષ્મ પટ ખોલનારી,
નિત નિત આનંદ મંગલકારી;
ગુરુ કહાન વાણી ભવ તારી હો ભવિયા.

## ૧૯. શ્રી જિનવાણી-સ્તવન

(ભેટે ઝૂલે છે તલવાર)

જિન વાણી અમૃત રસાળ,
રસિયા આવોને સુણવા,
જિન વાણીની શ્રુત સાગરની છોળો,
ઉછળે સુવર્ણ મોઝાર ...રસિયા ૧

તીર્થંકરની વાણીના વાયરા,
વાયા છે પંચમકાળ ...રસિયા ૨

નિશ્ચય વ્યવહારની અપૂર્વ ઘટના,
વીતરાગ વાણીએ સોહાય ...રસિયા ૩

સમય પ્રાભૃતે સોહાય-રસિયા,
પરમાગમમાં અચિંત્ય રચના;
સ્યાદ્વાદ કેરી સોહાય ...રસિયા ૪

ષટ્ દ્રવ્યોની સ્વતંત્રતાને,
દર્શાવે કુંદકુંદદેવ ...રસિયા ૫

અદ્દ્ભુત ગંભીરતા ભરી જિન સુત્રે,
માત તારી મહિમા અગાધ ...રસિયા ૬

શ્રી ગુરુ કહાનના પરમ પ્રતાપે,
ભેટ્યા પરમાગમ મહાન ...રસિયા ૭

ભારતના અહોભાગ્ય ખીલ્યા છે,
પાક્યા ગુરુ રત્ન કહાન ...રસિયા ૮

પરમાગમની અચિંત્ય રચના,
કહાન વાણીમાં સોહાય ...રસિયા ૯

સદ્ગુરુદેવની વાણી અણમૂલ છે,
અણમૂલ ભર્યા ભંડાર ...રસિયા૧૦

નિરપેક્ષ તત્ત્વ સમજાવે ગુરુજી,
સમજાવે નિશ્ચય વ્યવહાર ...રસિયા૧૧

શ્રુત સાગરની અનુપમ લ્હેરીઓ,
ઉછળે સુવર્ણ મોઝાર ...રસિયા૧૨

## ૨૦. સરસ્વતી સ્તવન.

(ભુજંગપ્રયાત)

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા,
વિશુદ્ધપ્રબુદ્ધા નમો લોકમાતા;

દુરાચાર દુર્નૈહરા શંકરાની,
નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ...૧

સુધાધર્મસંસારની ધર્મશાલા,
સુધા તાપનિર્નાશની મેઘમાળા;
મહામોહવિધ્વંસની મોક્ષદાની,
નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ...૨

અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા,
કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા,
ચિદાનન્દ-ભૂપાલકી રાજધાની;
નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ...૩

સમાધાનરૂપ અનુપા અક્ષુદ્ધા,
અનેકાન્તધા સ્યાદવાદાંકમુદ્રા;
ત્રિધા સપ્તધા દ્વાદશાંગી વખાની,
નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ...૪

અકોપા અમાના અદંબા અલોભા,
શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાનશોભા;
મહાપાવની ભાવના ભવ્યમાની,
નમો દેવી વાગેશ્વરી જૈનવાની. ...૫

અનીતા અજિતા સદા નિર્વિકારા,
વિષૈવાટિકાખંડિની ખણધારા;
પુરાપપ વિક્ષેપ કર્ત કૃપાણી,
નમો દેવિ વાગેશ્વ્વરી જૈનવાની ...૬

અશોકા મુદેકા વિવેકા વિધાની,
જગજંતુ મિત્રા વિચિત્રવસાની;
સમસ્તાવલોકા નિસ્તાનિદાની,
નમો દેવી વાગેશ્વ્વરી જૈનવાની ...૭

## ૨૧. જય સમયસાર

જય સમયસાર ! જય સમયસાર !
સુખ પ્રકાશિની માતા તૂ હૈ,
દુઃખવિનાશિની માતા તૂ હૈ,
નયવિકાશિની માતા તૂ હૈ,
સ્વર્ગ મુક્તિ દાતાર... જય ૧

તૂ હૈ નિર્મળ જ્ઞાન હમારા,
તૂ હૈ ગુણ છવિમાન હમારા,
તૂ હૈ સ્વર્ગ વિહાન હમારા,
મૂર્તિમાન ઉપકાર... જય ૨

તૂ એકાન્ત નશાનેવાલી,
અનેકાન્ત દરશાનેવાલી,
જગકા ધ્વાન્ત મિટાનેવાલી,
નાશક મિથ્યાચાર... જય ૩

તુઝમેં વિમલાભાસ ભરા હૈ,
તુઝમેં જ્ઞાનવિકાસ ભરા હૈ,
તુઝમેં ધર્મ પ્રકાશ ભરા હૈ,
તૂ હૈ ગુણભંડાર... જય. ૪

તુઝસે હૈ જગ મેં ઉજિયાલા,
તૂ પવિત્ર હૈ જ્ઞાન નિરાલા,
તૂ હૈ ગુણમંડિત મણિમાલા,
તૂ જગ કા શૃંગાર... જય.. ૫

સમ્યગ્ દર્શન મિત્ર હમારા,
સમ્યગ્ જ્ઞાન વિચિત્ર હમારા,
સત્ સમ્યક્ચારિત્ર હમારા,
તૂ સમ્યક્ત્વ ત્રિધાર... જય. ૬

તૂ હૈ તીર્થંકર કી વાણી,
પીકર તેરા નિર્મલ પાની,
બનતા હૈ જગ કેવલજ્ઞાની,
તૂ હૈ જ્ઞાનાગાર... જય. ૭

માં તૂ હૈ સદ્દ્જ્ઞાન ઉજાગર,
મહિમામય ભૂષિત ગુણ-આગર,
શાન્તિ, પ્રેમ, નયકા સુખ સાગર,
મહિમા અપરમપાર.. જય. ૮

માં ! હમકો સ્વાત્માભિમાન દે,
આત્મોન્નતિકા મધુર દાન દે,
કર્મ વિનાશક વિમલ જ્ઞાન દે,
દે શ્રુતિજ્ઞાન ઉદાર... જય. ૯

રક્ષક તૂ હૈ જનનિ હમારી,
હમ હૈ તેરે કૃપાભિખારી,
તન મનધન તુઝ પર બલિહારી,
વરદ્ સ્વપાણિ પસાર... જય.૧૦

માં અજ્ઞાન હમારા હર દે,
સુંદર શુચિકર શુચિતર વર દે,
હર દે સકલ વિકાર... જય.૧૧

## ૨૨. શ્રી જિનવાણી સ્તવન

(પ્રભુ પાવન કરોને મારું આંગણું રે-રાગ.)

આજ દિવ્ય ધ્વનિ છૂટી વીર મુખથી રે,
આજ ૐ ધ્વનિ છૂટી વીર મુખથી રે,
અનંત જીવોના તારણહાર ...આજ

આજ ઈંદ્રોનાં ટોળાં ઊતર્યાં રે,
આ ભરતક્ષેત્રની માંહી ...આજ

ઋજુવાલિકાએ શુકલધ્યાન આદર્યું રે,
પ્રભુ પામ્યા છો કેવળજ્ઞાન ...આજ

પ્રભુ સમોસરણ રચના બની રે,
ભવ્યો જુએ છે ધ્વનિની વાટ ...આજ

આજ પાત્ર ગૌતમજી પધારીયા રે,
પ્રભુ દિવ્ય ધ્વનિના છૂટ્યા ધોધ ...આજ

વિપુલાચલે સમોસરણ જામીયા રે,
શ્રેણિક રાજાની રાજધાની માંહી ...આજ
રૂડી રાજગૃહી નગરીમાંહી ...આજ

પ્રભુ ગગને વાજિંત્રો વાજીયા રે,
વાગ્યા ત્રણ ભુવનમાં નાદ ...આજ

આજ દિવ્ય ધ્વનિના ધોધ ઊછળ્યા રે,
આજ ૐકાર નાદો ગાજીયા રે,
જાણે ઊછળ્યો સમુદ્ર અગાધ... આજ

ચાર તીર્થ ધ્વનિરસે તરબોળ થયા રે,
ગણધર-મુનિ-શ્રાવકના થયા વૃંદ ...આજ
આત્મ આનંદમાં નાચી ઊઠ્યા આજ ...આજ

સાક્ષાત્ જિનેંદ્ર ભરતમાં બિરાજતા રે,
ત્રિલોકીનાથ ભરતમાં બિરાજતા રે,
એ દિવસ ઊગ્યો છે આજ ...આજ
ધન્ય ધન્ય તે દિન ને રાત ...આજ

વીરપુત્ર એવા કહાનગુરુ પાકીયા રે,
જેણે સુણાવ્યા ૐના સ્વરૂપ ...આજ

અદ્ભુત રચના રચી કહાનગુરુએ રે,
ખોલ્યા દિવ્ય ધ્વનિનાં રહસ્ય ...આજ

દેવ ગુરુની સેવા હૃદયે વસો રે,
વસો વસો પ્રભુ એ ત્રિકાળ ...આજ

## ૨૩. શ્રી જિનવાણી-સ્તવન

ધન્ય જિનવાણી, ધન્ય જિનવાણી, ધન્ય જિનવાણી માતા...
પલપલ હોજો શરણ તુમારું આનંદ મંગલ કાર...

જિનેંદ્રદેવ કે મુખ કમળ મેં સોહે મોરી માતા,
મહિમા તોરી અપરંપારા જાઉ બલિબલિ હારા...ધન્ય. ...૧

સલિલ સમાન કલિમલભંજન બુધ જન રંજનહારી,
રત્નત્રયના પોષણ કરતી નિતનિત મંગલકારી...ધન્ય. ...૨

જિનવાણી કો જિસને અપની સચ્ચી માત બનાઈ,
ફીર નહીં કરની પડતી ઉસકો જગમેં માતા કોઈ...ધન્ય...૩

તીન લોક પતિ બડેબડે ભી આતે ગોદ તિહારી,
આશિષ તોરી પાકર માતા હો જાતે ભવપારી...ધન્ય. ...૪

મોક્ષકે માર્ગ દીખાકર તું તો જ્ઞાન ચક્ષુ કી દાતા,
બાલક તારા મુક્તિ પામે એવી શ્રુતિ માતા...ધન્ય ...૫

'ચેતનરૂપ અનૂપ અમૂરત' અબતક નહિં પહચાની,
'સિદ્ધસમનિજપદ' કો દિખલાકર
સિદ્ધપદ મેં પહૂંચાતી...ધન્ય ...૬

પુનિપુનિ જન્મસે ડરકર જોભી આતા ગોદ તિહારી,
ધર્મ-જન્મ કો દેકર માતા! જન્મ નશાવનહારી...ધન્ય ...૭

કહાન ગુરૂ કો અંતર પટમેં નિત્યે વસતી માતા,
ઝરઝર ઝરઝર નિત્યે ઝરતી મીઠી અમૃતમાતા...ધન્ય ...૮

# ૩. વીતરાગી મુનિરાજ ભક્તિ વિભાગ

## ૨૪. શ્રી મુનિરાજ-સ્તવન

(જબ ચલે ગયે ગીરનાર)

હે પરમ દિગંબર યતિ, મહા ગુણવ્રતી, કરો નિસ્તારા,
નહીં તુમ બિન હિતુ હમારા...

તુમ બીસ-આઠ ગુણ ધારી હો, જગ જીવમાત્ર હિતકારી હો;
બાવીસ પરિષહ જીત ધરમ રખવારા.....
નહીં તુમ બિન હિતુ હમારા.....

તુમ આતમજ્ઞાની ધ્યાની હો, પ્રભુ વીતરાગ વનવાસી હો,
હૈ રત્નત્રયગુણ મંડિત હૃદય તુમ્હારા.....
નહીં તુમ બિન હિતુ હમારા.....
તુમ ક્ષમા શાંતિ સમતા સાગર,
હો વિશ્વપૂજ્યનર રત્નાકર,
હૈ હિત-મિત-સત ઉપદેશ તુમ્હારા પ્યારા.....
નહીં તુમ બિન હિતુ હમારા.....

તુમ ધર્મ મૂર્તિ હો સમદર્શી, હો ભવ્યજીત મન આકર્ષી,
હૈ નિર્વિકાર નિર્દોષ સ્વરૂપ તુમ્હારા....
નહીં તુમ બિન હિતુ હમારા....

હૈ યહી અવસ્થા એક સાર, જો પહૂંચાતી હૈ મોક્ષદ્વાર,
સૌભાગ્ય આપસા બાના હોય હમારા....
નહીં તુમ બિન હિતુ હમારા.....

## ૨૫. શ્રી મુનિરાજ-સ્તવન

(ભરથરી-રાગ)

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી,
વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી.
જંગલ...૧

સેજ પલંગ પર પોઢતાં, મંદિર ઝરૂખા મયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરુતલ છાંયજી.
જંગલ...૨

સાલ દુશાલા ઓઢતાં, ઝીણા જરકશી જામજી;
તેણે રે ન રાખ્યું તૃણ વસ્ત્રનું, સહે શિર શીત-ઘામજી.
જંગલ...૩

હાજી કહેતાં હજાર ઉઠતાં, ચાલતાં લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેંજાર પાવજી.
જંગલ...૪

ભલો રે ત્યાગ રાજા રામનો, ત્યાગી અનેક નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં દૂરજી.
જંગલ...૫

ધન્ય ધન્ય શ્રી સુકુમાર મુની, ગ્રહ્યું સ્વરૂપ નિર્ગ્રંથજી;
રાજ સાજ સુખ પરિહરી, વેગે ચાલીયા વનજી.
જંગલ...૬

એ વૈરાગવંતને જાઉં વારણે, બીજા ગયા રે અનેકજી;
ધન્ય રે જનો એ અવની વિષે, તેને કરું હું નમનજી.
જંગલ...૭

## ૨૬. શ્રી મુનિરાજ સ્તવન

(મૈં વીસ જિનવર કો ચિત્તમેં લગાકર.....)

મૈં પરમ દિગંબર સાધુ કે ગુણ ગાઉં રે.....
મૈં શુદ્ધ ઉપયોગી સંતનકો નિત ધ્યાઊં રે.. .
મૈં પંચ મહાવ્રત ધારી કો શીર નાઊં રે.... .

જો વીસ આઠ ગુણ ધરતે, મન વચન કાય વશ કરતે,
બાવીસ પરિસહ જિત જિતેન્દ્રિય ધ્યાઉં રે મૈં...૧

જિન કનક કામિની ત્યાગી, મન મમતા વિરાગી,
હો સ્વ-પર ભેદ વિજ્ઞાની સે ગુણ પાઉં રે મૈં...૨

જો હિતમિત વચન ઉચરતે, ધર્મામૃત વર્ષા કરતે,
સૌભાગ્ય તરણતારણ પર બલિબલિ જાઉં રે મૈં...૩

કુંદકુંદ પ્રભુજી વિચરતે, તીર્થંકર સમ જો ભરતે,
ઐસે મુનિ માર્ગ પ્રણેતા કો મૈં ધ્યાઉં રે મૈં...૪

## ૨૭.

પરમ દિગમ્બર મુનિવર દેખ, હૃદય હર્ષિત હોતા હૈ,
આનન્દ ઉલ્લસિત હોતા હો...સમ્યકદર્શન હોતા હૈ.
વાસ જિનકા વન ઉપવન મેં, ગિરિ શિખર કે નદી તટે,
વાસ જિનકા ચિત્ત ગુફા મેં, આતમ આનંદ મેં રમે,
કંચન કામિની કે ત્યાગી, મહા તપસ્વી જ્ઞાની ધ્યાની,
કાયા કી માયા કો ત્યાગી, તીન રતન ગુણ ભંડારી,
પરમ પાવન મુનિવરો કે પાવન ચરણો મેં નમૂં,
શાન્ત મૂર્તિ સૌમ્ય મુદ્રા આતમ આનંદ મેં રમૂં,
ચાહ નહીં હૈ રાજ્ય કી, ચાહ નહીં હૈ રમણી કી,
ચાહ હૃદય મેં એક યહી હૈ શિવ રમણી કો વરને કી,
ભેદ જ્ઞાન કી જ્યોતિ જલાકર શુદ્ધાતમ મે રમતે હૈં,
ક્ષણ-ક્ષણ મેં અન્તર્મુખ હો, સિદ્ધો સે બાતે કરતે હૈં.

## ૨૮. શ્રી સાધુ-સ્તવન

(ઓ...નાથ! અરજ ટૂક સુનિયો રે....)

હે સાધુ હૃદય મમ વસિયો જી મેરે પાતક હરિયો જી...
વહાં ગગનમેં દીપૈ ચંદ્રમા યહાં મુનિ દીક્ષા ધારી,
અનુકંપાસે જિનકી મીટતી મોહરૂપ બિમારી...
બે વૈદ્ય મહર ટૂક કરિયો જી.... મેરે...૧

યહ તન અથિર જાનકર તુમને તજદી જગકી માયા,
ઉસ માયા સે બચને હેતુ મૈં પાસ તુમ્હારે આયા...
સદ્ભાવ મેરે ઉર ભરિયો જી... મેરે...૨

આતમ ધ્યાન લગાતે નિશદિન સદ્ઉપદેશ સુનાતે,
સ્વયમ્ તીરે ભવસાગરસે હમકો પાર લગાતે...
ગુરુ 'વૃદ્ધિ' કો ન વિસરીયો જી..... મેરે...૩

## ૨૯. શ્રી મુનિરાજ-સ્તુતિ

(મારા નેમિ પિયા ગીરનારી ચાલ્યા....)

મારા પરમ દિગંબર મુનિવર આયા
સબ મિલ દરશન કરલો ...હાં.
બાર બાર આનો ઉર મુશકીલ છે ભાવ
ભક્તિ ઉર ભર લો ...હાં.

હાથ કમંડલ કાઠ કો પીંછી પંખ-મયુર,
વિષય આશ આરંભ સબ પરિગ્રહ સે હૈ દૂર;
શ્રી વીતરાગ વિજ્ઞાની કો કોઈ
જ્ઞાન હિયા બિચ ધર લો.... હાં...૧

એક વાર કર પાત્રમેં અંતરાય દોષ ટાળ,
અલ્પ અહાર હો લે ખડે નીરસ રસઘર તોષ;
સૌભાગ્ય તરણ તારણ મુનિવર
કા તારણ ચરણ પકડ લો... હાં...૨

ચારોં ગતિ દુઃખ સેં ડરી આત્મ સ્વરૂપ કો ધ્યાય,
પુણ્ય-પાપ સે દૂરદૂર જ્ઞાન-ગુફામેં આય;
ઐસે મુનિ-મારગ ઉત્તમ ધારી
તિનકે ચરણ નમૂં મેં ...હાં...૩

## ૩૦. શ્રી મુનિરાજ-સ્તવન

(તન મન ફૂલા દર્શન પા...)

નિત ઊઠ ધ્યાઉં ગુણ ગાઉં,
પરમ દિગંબર સાધુ, પરમ દિગંબર સાધુ
મહાવ્રત ધારી...ધારી...મહાવ્રતધારી...

રાગ દ્વેષ નહીં લેશ જિન્હોં કે મનમેં હૈ.....મન મેં હૈ;
કનક કામિની મોહ કામ નહીં તનમેં હૈ.....તન મેં હૈ;
પરિગ્રહ રહિત નિરારંભી, જ્ઞાની વ ધ્યાની તપસી.....
જ્ઞાની વ ધ્યાની તપસી
નમોં હિત કારી...કારી...નમોં હિતકારી...૧

શીતકાલ સરિતા કે તટ પર જો રહતે....જો રહતે;
ગ્રીષમ ઋતુ ગિરિરાજ શિખર ચઢ અઘ દહતે...અઘ દહતે;
તરુતલ રહકર વર્ષામેં, વિચલિત ન હોતે લખ ભય
વિચલિત ન હોતે લખ ભય
વન અંધિયારી...ભારી...વન અંધિયારી....૨

કંચન-કાય મસાન-મહલ સમ જિનકે હૈ.....જિનકે હૈ;
અરિ-અપમાન માન-મિત્ર સમ તિનકે હૈ.....તિનકે હૈ;
સમદર્શી સમતાધારી, નગ્ન દિગંબર મુનિ હૈ...
નગ્ન દિગંબર મુનિ હૈ
ભવજલ તારી...તારી...ભવજલ તારી....૩

ઐસે પરમ તપોનિધિ જહાં જહાં જાતે હૈ....જાતે હૈ;
પરમ શાંતિ સુખ લાભ જીવ સબ પાતે હૈ...પાતે હૈ;
ભવભવમેં સૌભાગ્ય મિલે, ગુરુપદ પૂજું ધ્યાઉં...
ગુરુપદ પૂજું ધ્યાઉં
વરું શિવનારી...નારી...વરું શિવનારી...૪

## ૩૧. શ્રી મુનિરાજ ભજન

(એક તૂંહી આધાર હો જગમેં...ઓ મેરે ભગવાન...કી...)

ધન્ય મુનીશ્વર આતમ હિતમેં છોડ દિયા પરિવાર...કિ
તુમને છોડા સબ ઘરબાર...!
ધન છોડા વૈભવ સબ છોડા સમઝા જગત અસાર...કિ
તુમને છોડા સબ સંસાર...

કાયા સે મમતાકો ટારી, કરતે સહન પરિસહ ભારી;
પંચ મહાવ્રત હો ધારી, તીન રતન કે બને ભંડારી;
આત્મ સ્વરૂપમેં ઝૂલતે કરતે નિજ આતમ ઉદ્ધાર ...કિ
તુમને છોડા સબ ઘરબાર ...ધન્ય ૧

રાગ દ્વેષ સબ તુમને ત્યાગે વૈર વિરોધ હૃદયસે ભાગે,
પરમ આતમ કે અનુરાગે, વૈર કર્મ પલાયન ભાગે,
સત્‌સન્દેશ સુના, ભવિજનકા કરતે બેડા પાર....કિ
તુમને છોડા સબ સંસાર ...ધન્ય ૨

હોય દિગંબર વનમેં વિચરતે નિશ્ચલ હોય ધ્યાન જબ ધરતે,
નિજપદકે આનંદમેં ઝૂલતે ઉપશમરસકી ધાર બરસતે,
મુદ્રા સૌમ્ય નીરખ કર વૃદ્ધિ નમતા વારમવાર...કિ
તુમને છોડા સબ ઘરબાર ...ધન્ય. ૩

## ૩૨. શ્રી મુનિરાજ-સ્તુતિ

ઐસે મુનિવર દેખેં વનમેં...(૨)
જાકે રાગ-દ્વેષ નહીં તનમેં...
ગ્રીષમ ઋતુ શિખર કે ઉપર...(૨)
હૈ જી મગન રહે ધ્યાનમેં ...૧

ચાતુર્માસ તરુતલ ઠાડે...(૨)
હૈ જી બુંદ સહે છિન છિન મેં ...૨

શીતમાસ દરિયા કે કિનારે...(૨)
હૈ જી ધીરજ ધારે ધ્યાન નમેં ...૩

ઐસે ગુરુકો મેં નિત પ્રતિ ધ્યાઉ...(૨)
હૈ જી દેત ઢોક ચરણ નમેં ...૪

## ૩૩.

(રાગ ભરતરી દોહા)

તે ગુરૂ મેરે મન બસો, જે ભવજલધિ જિહાજ;
આપ તિરહિ પર તારહીં ઐસે શ્રી ઋષિરાજ. તે ગુરૂ ...૧

મોહમહારિપુ જાનિકૈં, છાંડ્યો સબ ઘરબાર;
હોય દિગંબર વન બસે, આતમ શુદ્ધ વિચાર. તે ગુરૂ ...૨

રોગ-ઉરગ-વિલ વપુ ગિણ્યો, ભોગ ભુજંગ સમાન;
કદલીતરૂ સંસાર હૈ, ત્યાગ્યો સબ યહ જાન. તે ગુરૂ ...૩

રત્નાત્રયનિધિ ઉર ઘરૈં, અરૂ નિરગ્રંથ ત્રિકાલ;
માર્યો કામખવીસકો, સ્વામી પરમદયાલ. તે ગુરૂ ...૪

પંચમહાવ્રત આદરે, પાંચો સમિતિ સમેત;
તીન ગુપતિ પાલૈં સદા, અજર અમર પદહેત. તે ગુરૂ....૫

ધર્મ ધરૈં દશલાછની, ભાવૈં ભાવના સાર;
સહૈં પરીષહ બીસ દ્વૈ, ચારિત-રતન ભંડાર. તે ગુરૂ. ...૬

જેઠ તપૈ રવિ આકરો, સૂખૈ સરવર નીર;
શૈલ-શિખર મુનિ તપ તપૈં દાઝૈં નગન શરીર. તે ગુરૂ. ...૭

પાવસ રૈન ડરાવની, બરસૈ જલધરધાર;
તરૂતલ નિવસૈં તબ યતી, બાજૈ ઝંઝા વ્યાર. તે ગુરૂ. ...૮

શીત પરૈ કપિ મદ ગલૈ, દાહે સબ વનરાય;
તાલતરંગનિ કે તટૈં, ઠાડે ધ્યાન લગાય. તે ગુરૂ. ...૯

ઈહી વિધિ દુદ્ધર તપ તપૈં, તીનોં કાળ મંઝાર;
લાગે સહજ સરૂપમૈ તનસોં મમત નિવાર. તે ગુરૂ. ...૧૦

પૂરવ ભોગ ન ચિંતવૈં, આગમ બાંછૈં નાહિ;
ચહું ગતિકે દુખસોં ડરૈં, સુરતિ લગી શિવમાંહિ. તે ગુરૂ.૧૧

રંગમહલમેં પૌઢતે, કોમલ સેજ બિછાય;
તે પચ્છિમ નિશિ ભૂમિમૈં, સોવેં સંવરિ કાય. તે ગુરૂ. ...૧૨

ગજ ચઢિ ચલતે ગરવસોં, સેના સજિ ચતુરંગ;
નિરખિ નિરખિ પગ વે ધરૈં; પાલૈં કરૂણા અંગ. તે ગુરૂ..૧૩

વે ગુરૂ ચરણ જહાં ધરૈં, જગમૈં તીરથ જેહ;
સો રજ મમ મસ્તક ચઢો, ભૂધર માંગે એહ. તે ગુરૂ. ...૧૪

૩૪.

(ગાગર ઉપર બેઠો લીલો હંસરે.)

કયો કુંદકુંદદેવ કિયો તમારો દેશરે,
આ કયાં તમારા બેસણાંરે;
ભરત ક્ષેત્ર છે અમારો દેશરે,
આ સીમંધર સભામાં બેસણાંરે;
આત્મ સ્વ-સ્થાને છે અમારો વાસરે,
આ અનંત ગુણોમાં બેસણાંરે;
કયો કુંદકુંદદેવ કેમ કરી ગયા વિદેહરે,
આ કેવા પ્રભુને નિહાળયારે;
ભક્તિ ભાવે ગયા અમે વિદેહરે,
આ જિનેંદ્ર અદ્‌ભુત નિહાળીયારે;
સીમંધર પ્રભુના દિવ્ય ધ્વનિના છૂટ્યા નાદ રે,
કુંદકુંદે ઝીલ્યા ભાવથીરે;
અદ્‌ભુત ધ્વનિ સુણી થયા લયલીન રે,
આ વીતરાગ ભાવને ઘુંટીયારે;
વળી ફરી આવ્યા ભરતક્ષેત્ર મોઝારરે,
આ સમય પ્રાભૃતને ગુંથીયારે;
આ ભરતક્ષેત્રે શ્રુતકેવળી કુંદકુંદરે,
મહા મુનિયોના શિરોમણિરે;
કુંદકુંદ પ્રભુના કેડાયત ગુરૂ કહાનરે,
આ જગત ઉદ્ધારક પ્રભુ જાગીયારે;
સુવર્ણપુરી દિસે મહાવિદેહે સમાનરે,

સીમંધર પ્રભુજી પધારીયારે;
તિર્થધામમાં વર્તે જય જયકારરે,
આ મંગળ કાર્યો દિનદિન થાયેરે;
જયવંત વર્તે દેવ ગુરૂજી શાસ્ત્રરે,
આ શાસન જયવંત વર્તી રહ્યુંરે.

## ૩૫. શ્રી સ્તવન.

(આંબલિયોરે સખી. એ રાગ.)

સમક્તિ સૂરજ સખી ઊગ્યો સમતા રસથી નિરમળો,
આત્મ રસમાં ઝૂલે સદ્ગુરૂદેવ સીમંધર પ્રભુ એમ ભણે;
મહાવિદેહે સીમંધર પ્રભુનો વાસ નીરખશું ક્યારે નાથને,
કોણ ગુરૂજી સગું ને સારથી;
શી રીતે પ્રભુને નયને નીરખાય
કિણ વિધ જિનજીને ભેટશું;
કુંદકુંદ પ્રભુ અમ સગા ને સારથી,
નિજઘર રંગાતા નયને નીરખાય
નાથ ભેટાય ભક્તિ ભાવથી,
મળશે મળશે સીમંધર ભગવાન,
સાક્ષાત્ ભેટશું જિનજીને,
ધન્ય ધન્ય આવે એ દિન મન વાંછિત સિદ્ધશે.

## ૩૬. સંયમ ભાવના

ક્યારે રે'શું! અખંડ આનંદમાં જો,
બની સ્યાદ્વાદી ધરી સમભાવ; ક્યારે.
નિજ વસ્તુને ખરેખર ઓળખી જો,
કષાયનો કરીશું અભાવ ...ક્યારે.૧
અરે કોઇ નિંદે કે કોઇ જપે જાપને જો,
તેમાં કરશું નહીં રાગદ્વેષ; ક્યારે.

પરમોત્કૃષ્ટ ચૈતન્યને નિહાળવા જો,
વળી ટાળવા કર્મનો ક્લેશ ...ક્યારે.૨

કેવળ આત્મકલ્યાણને કારણે જો,
વસવા જઈશું વનચરને વાસ; ક્યારે.
વસી વનરાજાના વાસમાં જો,
એક ચિત્તેથી ધરશું ધ્યાન ...ક્યારે.૩

યોગ માર્ગના અંતીમ અંગને જો,
સાધી લઈશું જે છે શ્રીકાર; ક્યારે.
છોને રમતાં જે સાથે શીયાળીઆ જો,
સિંહ વાઘાદી પશુઓ અપાર ...ક્યારે.૪

પેખી રમતા પરમાણુ પરભાવને જો,
લાવશું ના આશ્ચર્ય લગારી; ક્યારે.
જ્ઞાન-ધ્યાન વૃધ્ધિનું નિદાન છે જો,
અધિષ્ઠાતાનું જો અધિષ્ઠાન ...ક્યારે.૫

એક પુદ્દગલને જોઈતું નિભાવવા જો,
આહાર દઈશું પણ નહિ રસવાન; ક્યારે.
લેશ સ્વભાવથી જે શરીરનો જો,
નવીન કરીશું નહિં લવલેશ ...ક્યારે.૬

એક વાર કદી ભોજન કરપાત્રમાં જો,
કહે તુમ સેવક શિવવાસ; ક્યારે.
દર્શન-જ્ઞાન-ચારિત્રની એક્તા જો,
જેથી પામશું પૂર્ણસ્વરૂપ ...ક્યારે.૭

૩૭.

હૈ પરમ દિગમ્બર મુદ્રા જિનકી
વન વન કરે બસેરા,
મૈં ઉન ચરણોં કા ચેરા,
હો વંદન ઉનકો મેરા.

શાશ્વત સુખમય ચૈતન્ય સદન મેં,
રહતા જિનકા ડેરા,
મૈં ઉન ચરણો કા ચેરા,
હો વંદન ઉનકો મેરા...
જહાં ક્ષમા માર્દવ આર્જવ સત
શુચિતા કી સૌરભ મહકે,
હે બ્રહ્મચર્ય કી ગરિમા સે,
આરાધ્ય બને જો મેરા ...મૈં.૧

અંતર બાહર દ્વાદશ તપ સે,
જો કર્મ કાલિમા કહતે,
જો શુદ્ધ અતીન્દ્રિય આનંદ-રસ કા,
લેતે સ્વાદ ઘનેરા ...મૈં.૨

જો દર્શન જ્ઞાન ચારિત્ર વીર્ય તપ,
આચારો કે ધારી,
જો મન-વચ-તપ કા આલમ્બન તજ,
નિજ ચૈતન્ય વિહારી.
શાશ્વત સુખ દર્શક વચન કિરણ સે,
કરતે સદા સબેરા ...મૈં.૩

નિત સમતા સ્તુતિ વંદન અરૂ,
સ્વાધ્યાય સદા જો કરતે.
પ્રતિક્રમણ ઔર પ્રતિ-આખ્યાન કર,
સબ પાપો કો હરતે.
ચૈતન્યરાજ કા અનુપમ નિધિયા,
જિનમેં કરે બસેરા ...મૈં.૪

## ૩૮. હોલી ખેલે મુનિરાજ...

હોલી ખેલે મુનિરાજ શિખર વનમેં અકેલે વનમેં, મધુવનમેં
મધુવન મેં આજ મચી રે હોલી મધુવન મેં

ચૈતન્ય ગુફા મેં મુનિવર વસતે, અનંત ગુણો મેં કેલી કરતે
એક હી ધ્યાન રમાયી વન મેં, મધુવન મેં.....
ધ્રુવધામ ધ્યેયકી ધૂની લગાઈ ધ્યાન કી ધધકતી અગ્નિ જલાઈ
વિભાવ કા ઈંધન જલાવે વનમેં, મધુવન મેં.....
અક્ષય ઘટ ભરપૂર હમારા, અંદર બહતી અમૃત ધારા
પતલી ધાર ન ભાઈ મનમેં, મધુવન મેં.....
હમેં તો પૂર્ણ દશા હી ચાહિયે, સાદિ અનંત કા આનંદ લહિયે
નિર્મલ ભાવના ભાઈ વન મેં, મધુવન મેં.....
પિતા ઝલક જ્યોં પુત્ર મેં દિખતી,
જિનેન્દ્ર ઝલક જયો મુનિરાજ ચમકતી
શ્રેણી માંડી પલક છિન મેં, મધુવન મેં.....
નેમીનાથ ગિરનાર મેં દેખો, શત્રુંજય પર પાન્ડવ દેખો
કેવલજ્ઞાન લિયો હૈ છિન મેં, મધુવન મેં.....
બાર-બાર વંદન હમ કરતે, શીશ ચરણ મેં ઉનકે ધરતે
ભવ સે પાર લગાયે વન મેં, મધુવન મેં.....

## ૩૯.

ધન્ય અવતાર કુંદકુંદનો રે લાલ....
કુંદકુદંને વંદન કરું ભાવથી રે લાલ ધન્ય...
વીરના વારસ પ્રભુ જાગીયા રે લાલ,
પંચમકાળે તુમ આધાર છે રે લાલ ધન્ય...
કરુણાનિધી આચાર્યદેવ છો રે લાલ,
વાત્સલ્ય ભાવે મળે છે સંઘમારે લાલ ધન્ય...
જેણે નિર્યાપક આચાર્યને શોધીયા રે લાલ,
જેના ચરણોમાં સમાધિ કરી ભાવથી રે લાલ ધન્ય..
ગુરુ કહાને તે કુંદકુંદ શોધીયા રે લાલ,
જિનવાણીના રહસ્ય સમજાવીયા રે લાલ ધન્ય...

ભવ્ય જીવોના અહો ભાગ્ય છે રે લાલ,
કુંદવાણી પંચ પરમાગમે રે લાલ ધન્ય...
શાસન સ્થંભ પ્રભુ જાગીયા રે લાલ,
શ્રુત કેવળી કુંદકુંદદેવ છો રે લાલ ધન્ય...
ધન્ય વનવાસી કુંદ મુનિવર રે લાલ,
આચાર્યને નમન કરુ ભાવથી રે લાલ ધન્ય...

ૐ

## ૪૦. સંયમી ભાવના

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ? અપૂર્વ...૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ...૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ...૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ...૪

સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;

તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં;
અંત થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ...૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ને મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ...૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ...૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ...૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ...૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ...૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ...૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ...૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવ જો. અપૂર્વ...૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ...૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યાંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ...૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્‌ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ...૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્‌ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ...૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;

શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ...૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ...૧૯

જે પદ શ્રી સર્વજ્ઞ દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શુ કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ...૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ...૨૧
- શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૭૩૮, વવાણિયા, સં.૧૯૫૩

## ૪૧.

કેવા હશે એ મુનિરાજ અહો એને વંદન લાલ
રાજપાટ ત્યાગી વસે, અઘોર જંગલમાં (૨)

જેણે છોડયો સ્નેહીઓનો સાથ... અહો એને વંદન લાખ
શત્રુ કે મિત્ર નહીં કોઇ એના ધ્યાનમાં (૨)

વિકરાળ પ્રાણી વસે આસપાસ... અહો એને વંદન
જ્ઞાનમાં વિચરતા ને દેશ પરદેશ ફરતા (૨)

ગજાવતા જૈન ધર્મનો જયકાર...અહો એને વંદન
સમ્યક દર્શન જ્ઞાન ચારિત્રના ધારણહાર (૨)

કરે કર્મોને બાળીને ખાખ...અહો એને વંદન
પ્રમત અપ્રમત સ્વરૂપમાં એ ઝૂલનાર (૨)

પ્રકાશે અણમૂલા જૈન ધર્મ...અહો એને વંદન
ગિરી ગુફા શિખરે વસનારા એ મુનિરાજ (૨)
વસે એ સ્વરૂપ આવાસ...અહો એને વંદન
ધન્ય તે દેશને જ્યાં ટોળે ટોળા મુનિરાજ (૨)
દર્શન કરતા જાએ ભવ આતાપ...અહો એને વંદન
ક્યારે નવધા ભક્તિથી આહારદાન આપીશ (૨)
નિરાહાર વૃત્તિ લઈશ ખાસ...અહો એને વંદન
એવા ગુરુનો ઉપદેશ ક્યારે ધ્યાન ધરીશ (૨)
ગુરુરૂપે થઈ જઈશ ખાસ...અહો એને વંદન

# ૪. કહાન ગુરુ ભક્તિ વિભાગ

## ૪૨. શ્રી ગુરૂદેવ સ્તવન

(ભેટે ઝૂલે છે તલવાર-રાગ)

વૈશાખ શુદ બીજને વાર, ઉજમબા ઘેર કહાન પધાર્યા.
ગજર્યા દુદુંભિના નાદ ઉમરાળા ગામે કહાન પધાર્યા.
ન માય આનંદ કુટુંબીજન હૈયે, ભાગ્યવાન મોતીચંદભાઈ
કહાન કુંવરનો જન્મ જ થાતાં, ગંધોદક વૃષ્ટિ થાય...ઉ.

કહાન કુંવરનો જન્મ જ થાતાં,
મનવાંછિત કુદરત થાય ...ઉજમબા
કહાન જનમતાં ભરતખંડ ડોલ્યું,
જનમ્યા અનુપમ કહાન ...ઉજમબા
મોતીચંદભાઈ ઘેર નૃત્ય આજ થાય છે,
ઘેર ઘેર મંગળ થાય ...ઉજમબા
દેવ દેવેંદ્રો (સહુમળી) મંગળ આજ ગાય છે,
ભરતખંડ માં ડંકા થાય ...ઉજમબા

ખેલતાતા જ્ઞાનકુંજ માંહી-ઉજમબા.
વીત્યા વીત્યા તે કાંઇ બાળકાળ વીત્યા,
લાગી ધૂન આત્માની માંહી ...ઉજમબા

વૈરાગી કહાને ત્યાગ જ લીધો,
કાઢ્યું અલૌકિક કાંઇ ...ઉજમબા

કહાન પ્રભુએ બંસરી બજાવી,
મીઠા એ બંસરીના સૂર ...ઉજમબા

મીઠા આ સૂર અહીં આવ્યા છે ક્યાંથી,
જાગ્યો છે એક કોઇ સંત ...ઉજમબા

ચાલો સહુ એ સુણવા જઇએ,
મીઠા આ બંસરીના સૂર ...ઉજમબા

અવધૂત અલખ જગાડનાર સંત આ,
દેવોને આશ્ચર્ય થાય,
આજ ગુરૂજન્મ વધામણા.

અધ્યાત્મરસનો રસીલો સંત આ,
શ્રુત સાગર ઊછળ્યા મહાન ...ઉજમબા

પાક્યા છે યુગપ્રધાની સંત આ,
સેવકને હરખ ન માય ...ઉજમબા

એવા સંતની ચરણસેવાથી,
ભવના આવે છે અંત ...ઉજમબા

પંચમકાળે અહો ભાગ્ય ખીલ્યા છે,
વંદન હોજો અનંત ...ઉજમબા

## ૪૩. કહાન-ગુરુદેવકા જન્મોત્સવ

ધન્ય ધન્ય દિન આજ.....સમય
યહ કૈસા પ્યારા હૈ....સમય

કહાન ગુરુ જનમોત્સવ મેં જગ
ઉમટા સારા હૈ.....હાં હાં જગ.

વિમલ સમ્યક્ દર્શન ધારી,
પરમ જ્ઞાન, વૈરાગ હૈ ભારી,
જય જય જય સર્વત્ર જિન્હોંકા
બજા નગારા હૈ...જિન્હોંકા ...૧

સીમંધર કે નંદ દુલારે,
ધર્મ દીવાકર સે, ઊજિયારે,
જિન શાસન કે વિમલ ગગન
તુમ દિવ્ય સિતારા હૈ ...ગગન ...૨

અજોડ વક્તા જૈનધરમકા,
આતમ રક્ષક અમ ભક્તોં કા,
સફલ હૂઆ સૌભાગ્ય પાય
તુમ ચરણ સહારા હૈ...હાં હાં તુમ ...૩

ઉજમબા કે લાલ દુલારે સુવર્ણ
નગર કે ચમકીત તારે,
જન્મોત્સવકા આજ ગગનમેં
બાજાં બાજે રે...ગગન મેં ...૪

## ૪૪. શ્રી સદ્‌ગુરુ મહિમા

શ્રી સદ્‌ગુરુજી મહિમા અપાર કે,
હું શું કથી શકું રે લોલ ...૧

તેમનાં ગુણ છે અપરંપાર કે,
અચિંત્ય આત્મ ઝળકી રહ્યો રે લોલ ...૨

અદ્‌ભુત જ્ઞાન ખજાનો અપાર કે,
ચરણાદિક શોભી રહ્યા રે લોલ ...૩

ખીલેલ આતમશક્તિ અપાર કે,
ચૈતન્ય તેજ દીપી રહ્યું રે લોલ ...૪

સમયસારઆદીમાંથી કાઢેલ માવો કે,
ખવડાવ્યો ખંતથી રે લોલ ...૫

પીંખી પીંખી અને સમજાવ્યું,
રહસ્ય હૃદયનું રે લોલ ...૬

અસલી સ્વરૂપનું આપ્યું જ્ઞાન કે,
ન્યાલ સેવકને કર્યો રે લોલ ...૭

આવો પુરુષ આ કાળે અજોડ કે,
દુર્લભતા સત્ત તણી રે લોલ ...૮

પ્રભુ નોતાં કેવળી સંતના જોગ કે,
એકાકી સત્ શોધીયું રે લોલ ...૯

પ્રભુ મત મતાંતરના મોટા ભેદ કે,
વચ્ચેથી સાર કાઢીયો રે લોલ ...૧૦

સુરલોકે ઈંદ્રો ગાય છે ગીત કે,
ભારતના આ ભૂપના રે લોલ ...૧૧

ભારતમાં વર્તી રહ્યો છે જયકાર કે,
મહીમા કહાનગુરુ તણો રે લોલ ...૧૨

પ્રભુ પામરને કર્યો ઉપકાર અમાપ કે,
અમૃત રેડીયાં રે લોલ ...૧૩

આ શરીરની શીવડાવું ખોળ કે,
બદલો નહી વળે રે લોલ ...૧૪

ઝાઝું શું કહીએ કૃપાનાથ કે,
દાસ હું આપનો રે લોલ ...૧૫

પ્રભુ અતિ અતિ દીજીએ આત્મતણો લાભ કે,
કૃપા વરસાવીને રે લોલ ...૧૬

સાક્ષાત સુરમણી સુરતરૂ નાથ કે,
ફળીઓ સતગુરુ રે લોલ ...૧૭

કઇ વિધ પુજું કઇ વિધ વંદુ કે,
ગુરુ મહીમા અપાર રે લોલ ...૧૮

## ૪૫. અધ્યાત્મમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવ સ્તવના

શાશન તમા શીરોમણી સ્તવના કરૂ "ગુરુ કહાનની"
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાત્મરસના રાજવી ...૧

અધ્યાત્મ કલ્પવૃક્ષના ફળનો રસીલો તું થયો,
તું શીઘ્ર રસ સાધક બન્યો અંતર તણી સૃષ્ટિ લહ્યો. ...૨

તું લોક સંજ્ઞા જિતિને અલમસ્ત થઇ જગમાં ફર્યો,
પરમાત્મનું ધ્યાન જ ધરી તુજ આત્માને સ્વચ્છજ કર્યો. ...૩

પ્રતિબંધ ટાળી લોકનો આનંદની મોજે રહ્યો,
તેં શુદ્ધ ચૈતન ધર્મનો અનુભવ હૃદયમાંહી લહ્યો. ...૪

અંતર તણા આનંદમાં શુરતા લગાવી પ્રેમથી,
શુભ દ્રવ્ય ભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ...૫

નીંદા કરીના કોઇની નીંદા કરી સહુ તેં સહી,
શુદ્ધ આત્મરસ ભોગીભ્રમર શુભ દૃષ્ટિ તારામાં રહી. ...૬

ઔદાર્ય ને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી,
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ...૭

તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા,
જે આત્મ યોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ...૮

પહોંચ્યો અને પહોંચાડતો તું લોકને શુદ્ધ ભાવમાં,
અધ્યાત્મ રસીયા જે થયા બેઠા ખરે શુદ્ધ નાવમાં. ...૯

દુનિયા થકી ડરતો નથી આશા નથી મમતા જરી,
જ્યાં હું વસુ ત્યાં તું નહીં એ ભાવના વિલસે ખરી. ...૧૦

સ્યાદવાદ પારાવાર છે આનંદ અપરંપાર છે,
સાચા હૃદયનો સંત છો પરવા નથી જયકાર છે. ...૧૧

આશા નથી કીર્તિ તણી અપકીર્તિને ગણતો નથી,
લોકો મને એ શું કહે ત્યાં લક્ષ ને દેતો નથી. ...૧૨

વ્યવહારના ભેદો ઘણાં ત્યાં કલેશને કરતો નથી,
લાગી લગનવા આત્મની બીજુ કશું જોતો નથી. ...૧૩

તેં ભાવ સંયમ બોટમાં બેસી પ્રયાણ જ આદર્યું,
ભવ પયોદધી તરવા વિષે તેં લક્ષ અંતરમાં ધર્યું. ...૧૪

જે જે ભર્યું તુજ ચિંતમાં તે બાહ્યમાં દેખાય છે,
અધ્યાત્મ રસ રસીયા જનોથી તુજ હૃદય પરખાય છે. ...૧૫

એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો,
ચાબુક તેને મારીને વ્યવહાર માંહી વાળતો. ...૧૬

શાશન તણા શીરોમણી સ્તવના કરૂં "ગુરુ કહાનની"
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાતમરસના રાજવી. ...૧૭

## ૪૬. કહાનગુરુકા જન્મોત્સવ

(રાખના રમકડાંને...)

ગુરુકહાનના એ જન્મને હાં...ભક્તો,
સૌ ભક્તો ભાવે ઊજવે રે...
જયજયકાર ગજાવી આજે
મંગલનાદે વધાવે રે...એ...
કહાનના એ જન્મને ...૧

ડગલે પગલે રંગ રંગથી
જનમોત્સવ સૌ મ્હાલે,
સ્વાધ્યાય મંદિર-જિનમંદિરમાં
હર્ષનાદ ગજાવે રે...એ...
કહાનના એ જન્મને ...૨

ધનનન નાદે ગગન ગજાવી
આનંદ ભેરી બજાવે,

અનેક જ્યોતિ ઝગમગ ઝગમગ
દીપકમાલા ઝબકે રે...એ...
કહાનના એ જન્મને ...૩

કુંદ કુંદ પ્રભુ આશિષ આપે,
દેવો પુષ્પ વધાવે,
ઉમંગ ભર્યા ભક્તોનાં હૈયાં
ગુરુદેવ-અભિનંદે રે...એ...
કહાનના એ જન્મને ...૪

જન્મ વધાઇ સૂણતાં આવે
દેશોદેશ સંદેશા,
ચીરંજીવો...ચીરંજીવો,
ચીરંજીવો...ગુરુદેવા રે...એ...
જયજય હોજો જય જય હોજો,
જય જય તારી જગમાં રે...એ...
કહાનના એ જન્મને ...૫

## ૪૭. શ્રી ગુરુદેવ-સ્તવન

માતાને સ્વપ્નાં લાધ્યાં ને ઝબકીને જાગ્યા ઉજમબા,
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને દુંદુભિ વાગ્યાં ઉજમબા. ...૧

જોયું હૃદયમાં જાગી ને નીંદડી ત્યાગી ઉજમબા,
કુંખે આવ્યા છે વડભાગી ને, ભાવઠ ભાંગી ઉજમબા. ...૨

માતાને ઉછરંગ આવ્યો ને, સંદેશો સુણાવ્યો ઉજમબા,
માતાપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા. ...૩

જોષીએ જોષ એમ જોયાં ને, મનડાં મોહ્યાં ઉજમબા,
કાં કોઇ નગરીનો રાયા કે જગ તારણ હારો ઉજમબા. ...૪

મીઠડાં ફળ એમ સુણ્યાં ને, ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને, તેજ ઉભરાણાં ઉજમબા. ...૫

તેજ દેખીને માત મોહ્યાં, ને કા'ન નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે, અજબ બાળ લીલા ઉજમબા. ...૬

કહાને એવી બંસરી બજાવી કે, આત્મનાદ ગજાવ્યા ઉજમબા;
થયો ધર્મ-ધુંરંધર ધોરી કે, જગ તારણહારો ઉજમબા. ...૭

## ૪૮. શ્રી ગુરુદેવ-સ્તવન

શાસન ઉદ્ધારક પ્રભુ જન્મદિવસ છે આજનો રે
સહુ જન સંગે હળીમળી મહોત્સવ કરીએ આજ
મારા હૃદયે આજ આનંદના ઉભરા વહે રે. શાસન

(સાખી)

ઉમરાળામાં જનમીયા ઉજમબા કુખ નંદ,
કહાન તારું નામ છે જગતવંદ્ય અનુપ;
જયજયકાર જગતમાં થાયે તુજનો આજ
મહિમા તુજ ગુણની હું શી કહું મુખથી સાહિબા રે શાસન

જ્ઞાન ભાનુ પ્રકાશિયો ઝળક્યો જગત મોઝાર,
સાગર અનુભવ જ્ઞાનનો રેલાવ્યો ગુરુરાજ;
વિષમ કાળે વરસ્યો અમૃતનો વરસાદ,
તારી ભક્તિતણો આલ્હાદ ઇચ્છે ઇન્દ્રોપતિ રે. શાસન

સીમંધર જિનરાજના નંદન રૂડા કહાન,
તારા જન્મે તો હલાવ્યું આખા હિંદને રે,
પંચમ કાળે તારો અદ્વિતીય અવતાર
સારા ભારતે તારો મહિમા અખંડ વ્યાપી રહ્યો રે. શાસન

સેવા ચરણકમળતણી ઇચ્છું નિશદિન દેવ,
તુજ ચરણ સમીપ રહી, કરીએ આત્મ-કલ્યાણ
તારા ગુણ તણો મહિમા છે અપરંપાર
તારા જન્મે ગગને દેવદુંદુભિ વાગિયા રે:
ઈંદ્રો ચંદ્રો તારા જન્મદિવસને ઊજવે રે. શાસન

## ૪૯. શ્રી ગુરુદેવ-સ્તવન

ગુરુરાજની વધાઇ આજે છે;
મારા સ્વામીની વધાઇ આજે છે;
ગુરુદેવની વધાઇ આજે છે,
એના શબ્દ ગગનમાં ગાજે છે ...મારા

વીરમાર્ગ-પ્રવર્તક ભારતે ગાજે છે,
ધર્મ-ધ્વજનો ડંકો બજાવે છે;
શાસન ઉન્નત્તિ આજે છે ...મારા

મુમુક્ષુ હ્રદયો ઉલ્લસે છે,
આજે અમૃત વરસા વરસે છે;
જૈનશાસનનો જયકાર ગાજે છે ...મારા

આજે સ્વર્ગેથી ભક્ત દેવો આવે છે,
આવી ભક્તિની ધૂન મચાવે છે;
ગુરુરાજનો જયકાર ગજાવે છે ...મારા

વૃક્ષો ને વેલડીઓ નાચે છે,
ફળ ફૂલ આજે પાય લાગે છે;
ગુરુભક્તિમાં સહકાર આપે છે ...મારા

અજોડ સંતની વધાઇ વાગે છે,
કેસરી સિંહની વધાઇ વાગે છે;
એ તો ગુણમાં વધતો ગાજે છે ...મારા

દિવ્યધ્વનિના રહસ્યો જેણે ખોલ્યાં છે,
શાસ્ત્રના ઊંડા મર્મ ઊકેલ્યા છે;
એ તો જગના તારણહાર જાગ્યા છે ...મારા

પ્રભુ સેવક લળી પાય લાગે છે,
આત્મલાભની વધાઇ આજે છે;
કૃપાનાથ કૃપા વરસાવે છે ...મારા

## ૫૦. શ્રી સ્તવન

મીઠી લાગે છે કાન જન્મની વધામણી,
મીઠા વધામણીના સૂર...
- કાન જન્મ લાગે મીઠારે.

અવનિને આંગણીએ સોહે સોહામણાં,
ભારતમાં જનમ્યા કુંવરકહાન,
રમતાંતાં જન્મથી એ જ્ઞાન રસ કુંજમાં.
નીરખ્યા ઉજમબાના નંદ...
ઉમરાળા ગામ લાગે મીઠારે
જન્મધામ લાગે મીઠારે.

નીરખ્યા નીરખ્યા મેં શાસન સોહામણાં,
હિંદમાંહિ એક ગુરુકહાન,
અદ્દ્ભુત શ્રુતજ્ઞાની વ્હાલા જગતને,
દીઠા ભવ્યોના તારણહાર...
કહાન જન્મ લાગે મીઠારે.
શાસન સંત લાગે મીઠારે.

અચિંત્ય ન્યાયોની એ વર્ષા વરસાવતા,
ભવ્ય હૃદયો એ નીરથી ભીંજાય,
નિરપેક્ષ તત્ત્વકેરૂં સ્વરૂપ સમજાવતા,
વાણી સુણી ચરણે નમી જાય...
વાણી સુણી શિર ઝૂકી જાય...
કાન સંત લાગે મીઠારે,

વીર શાસન શોભે કહાન ગુરુદેવથી,
સુરેંદ્રો જન્મગીત ગાય,
સુરેંદ્રો મંગળ ગીત ગાય,
વર્તે અખંડ આણ કુંદ-કહાન દેવની,
જયકાર જન્મના ગવાય...
જય જય હો ગુરુકહાન...

કહાન ગુરુ લાગે મીઠારે.
શાસન સંત લાગે મીઠારે.

## ૫૧. શ્રી સ્તવન

જૈન ડંકા વાગ્યા ને ભવ્યો જાગ્યા શાસનમાં;
રણકાર એ સુણ્યા ન મનને ગમ્યા આનંદમાં.

વગાડનાર કોણ છે શૂરો ને
ગુણમાં પૂરો શાસનમાં;
જોયું જગતમાં ફરીને
નક્કી શોધી શાસનમાં.
દિવ્ય પુરુષ એ દીઠા ને કહાન
નામે ઓળખ્યા શાસનમાં,
ચિત્તમાં ચમત્કાર ચીતર્યા ને વાણી
અમૃત પીરસ્યાં શાસનમાં
વીતરાગી અરિહંતને ઓળખાવ્યા
ને જયકાર ફેલાવ્યા શાસનમાં
પામર ને પ્રભુ પરખાવ્યા ભક્તને
ભગવાન ભેટાડ્યા શાસનમાં.
ભક્તિ ભર્યું ચિત્ત ભેટ્યું ને
ડગમગ ડોલ્યું શાસનમાં;
કોઇ જય જય બોલ્યું ને કોઇ
ચરણમાં નમ્યું શાસનમાં.

## ૫૨. શ્રી ગુરુદેવ સ્તવન

ભારતખંડમાં સંત એક જાગિયો,
ભાગ્યવાન આંગણે કહાન એ પાકિયો;
ચૈતન્યજ્યોતિ અખંડ,
સંત એવા પૂજવા પધારજો. ...૧

જાગિયો એ સંત આજ, જગતને જગાડવા;
મુક્તિમંત્ર આપિયો, સ્વતંત્રતાને પામવા;
શક્તિ એની છે પ્રચંડ ...સંત ૨

સીમંધરદેવના ચરણ-ઉપાસક,
પૂર્ણાનંદ સ્વરૂપતણો ગ્રાહક;
જાગ્યો એ સંત એકાએક ...સંત ૩

કુંદકુંદગુરુનો કેડાયત સંત એ,
સમયસાર શાસ્ત્રનો પચાવનાર સંત એ;
ખોલ્યાં રહસ્ય અણમૂલ ...સંત ૪

અજ્ઞાન અંધારા નશાડવા એ શૂરવીર.
જ્ઞાનપ્રકાશ પ્રકાશવા એ ભડવીર;
ભવ્યનો ઉદ્ધારનાર વીર ...સંત ૫

નિજ સ્વરૂપની મસ્તીમાં મસ્ત એ,
આત્મ અખંડમાં થયા અલમસ્ત એ;
વાણીએ ઝરે અમીરસ ...સંત ૬

ઉત્તમ ભાગ્યથી સંત એ સેવીયા,
સેવકના સર્વ કાર્ય સુધરીયા,
વંદન હોજો અનંત ...સંત ૭

## ૫૩. યહ સન્તોંકા દેશ હૈ

યહ સન્તોંકા દેશ હૈ, દુખકા નહીં પ્રવેશ હૈ,
સ્વર્ણપુરી હૈ નામ અહો! યહાં નહીં કીટકા લેશ હૈ;
યહ સન્તોંકા...

ઉમરાલાકે શુભ પ્રાંગણ મેં શ્રેષ્ઠી 'મોતી' તાત હૈં,
'ઉજમબા' કે રાજદુલારેકા મંગલ અવતાર હૈ;
તીર્થસમા પાવન મન હૈ, ખિલા હુઆ નંદનવન હૈ,
મનમોહક ગુરુમુદ્રા પર યહ ન્યોછાવર સબ જગજન હૈં;
યહ સન્તોંકા...૧

ગુરુવરકે પાવન ચરણોં સે ફૈલી હૈં હરિયાલિયાં,
શાંતિપંથકા માર્ગ દિખાતે છાઇ હૈં ખુશિયાલિયાં;
મુક્તિકે દાતાર હૈં, જગકે તારણહાર હૈં,
જગત શિરોમણિ 'કહાનગુરુવર' શાસન કે શણગાર હૈં;
યહ સન્તોંકા..૨

દિવ્યભૂતિ 'કહાનગુરુજી' સિંહકેસરી હૈં જાગે,
ધર્મ ચક્રીકી અમર પતાકા દેશોદેશમેં ફહરાયે;
વાણી અમૃત ઘોલી હૈ, સારી દુનિયા ડોલી હૈ,
વીતરાગ કે ગુપ્તહૃદયકી અંતર ગ્રંથિ ખોલી હૈ;
યહ સન્તોંકા...૩

ચૈતન્યપ્રભુકા અજબ-ગજબકા રંગ ગુરુમેં છાયા હૈ,
ઔર ઉસે હી ભક્તોં કે અંતસ્તલ મેં છાયા હૈ,
કલ્પવૃક્ષ ચિંતામણિ સમ ગુરુ વાંછિત-ફલ-દાતાર હૈં,
કહાનગુરુ! તવ ચરણોં મેં મમ વંદન અગણિત વાર હૈ;
યહ સન્તોંકા...૪

શાશ્વત શરણ તુમ્હારા હો, ચાહેં જગત કિનારા હો,
ભવભવમેં તવ દાસ રહેં, બસ તૂ આદર્શ હમારા હો;
યહ સન્તોંકા ધામ હૈ, સાધકકા વિશ્રામ હૈ,
સ્વર્ણપુરીમેં મસ્ત વિચરતે, ગુરુવર આતમરામ હૈં;
યહ સન્તોંકા...૫

## ૫૪. કોના પગલે પગલે

(રાગ : કોઇના લાડકવાયા)

કોના પગલે પગલે ચાલે મુક્તિની વણઝાર,
કોના સાદે જાગે સર્વે આત્માર્થી નરનાર;
અપાર મુક્તિગામી જીવોનો તું સાચો સરદાર,
ઓ કહાનગુરુ! તુજ ચરણકમળમાં વંદન વારંવાર. ૧

સ્વતંત્રનો શંખ ફૂંકીને કર્યો અસત-સંહાર,
સાચો મુક્તિપંથ બતાવી દૂર કર્યો અંધાર;

કેવળી પ્રભુના વિરહ ભુલાવી, વર્ષાવી શ્રુતધાર,
જૈનધર્મ-જયનાદ ગજાવી, વર્તાવ્યો જયકાર. ૨

વીતરાગી વાણી છે તારી ત્રિકાળ નહીં ફરનાર,
સુપાત્ર જીવને અંતર સ્પર્શી ખોલે આતમદ્વાર;
સિંહ બનીને ઝઝુમ્યો જગમાં કોઈથી ના ડરનાર,
રાય-રંકનો ભેદ ન જેને, ધન્ય ધન્ય અવતાર. ૩

અનંત ભવના અમ દુખિયાનો તું છો તારણહાર,
પામર અમને પ્રભુતા આપી, દીધો આતમસાર;
સત્ય અહિંસક પવિત્રતાનું આત્મજીવન જીવનાર,
કહાનગુરુનો જોટો જગમાં ક્યાં નહીં જડનાર. ૪

જેની કીર્તિ ગાજે આજે ભારતદેશ મોઝાર,
જય જય હોજો કહાનગુરુજી અનંતગુણ-ભંડાર;
એ ગુરુ સમીપે જીવન જેહનાં ધન્ય તે નરનાર,
અલ્પ કાળમાં ધર્મ પામીને વરશે તે શિવનાર. ૫

## ૫૫. એ પ્રભાવશાળી આતમા

એક અદ્‌ભુત આતમા,
વીરનો મારગ જાણતા;
મુમુક્ષુઓ વખાણતા,
એ પ્રભાવશાળી આતમા. ...૧

ઉમરાળાનો રહેવાસી,
નામ પડયું મિથુન રાશિ;
શિવરમણીનો છે પ્યાસી,
એ પ્રભાવશાળી આતમા. ...૨

પાલેજથી તે ઓળખાયો,
અનેકનાં દિલને ભાયો;
સુવર્ણપુરીનો મહારાયો,
એ પ્રભાવશાળી આતમા. ...૩

કાનજીસ્વામી નામ છે,
ભવ તરવાનું કામ છે;
આનંદી આતમરામ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૪

ગુરૂજી ઉપર પ્યાર છે,
સાચો તેનો આધાર છે;
નાવિક તારણહાર છે,
એ પ્રભાવશાળી આતમા. ...૫

સમયસારને છણનારો,
સર્વ દોષને હણનારો;
મુક્તિને તે વરનારો,
એ પ્રભાવશાળી આતમા. ...૬

આધ્યાત્મિક એ યોગી છે,
આતમરસનો ભોગી છે;
શુદ્ધસ્વરૂપ-સંયોગી છે,
એ પ્રભાવશાળી આતમા. ...૭

પૂરવ ભવમાં પામેલો,
તે પણ સાથે લાવેલો;
તત્વજ્ઞાનમાં રસઘેલો
એ પ્રભાવશાળી આતમા. ...૮

કુંદ-સીમંધર-વારસ છે,
રત્નચિંતામણિ પારસ છે;
અંતર જેનું આરસ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૯

અંતરમાં ઓળખાણ છે,
સર્વ શાસ્ત્રને જાણે છે;

વાણી અમીરસ-ખાણ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૦
અંતરમાં ઉજમાળ છે,
વ્યાખ્યાન અમૃતથાળ છે;
તે હૃદયનો વિશાળ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૧
આત્મ-મસ્તીમાં મસ્ત રહે,
સઘળાનું એ હિત ચહે;
કર્મશત્રુને નિત્ય દહે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૨
મિથ્યાત્વનો વિરોધક છે,
સત્ય તણો એ સ્થાપક છે;
પરમ શ્રુતનો બોધક છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૩
અપૂર્વ શાંતિ વેદક છે,
તમામ ગ્રંથિ ભેદક છે;
ચતુર ને વળી ચેતક છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૪
મહા પ્રતાપી પુરૂષ છે,
ભેદજ્ઞાનનો સ્ફુરક છે;
જાણે ઊગતો સૂરજ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૫
અજબ એની સ્મૃતિ છે,
ગજબ એની સ્ફૂર્તિ છે;
કેવળ કરૂણામૂર્તિ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૬

(એને) આતમજ્યોતિ જાગી છે,
પ્રભુમય લગની લાગી છે;
ભ્રમણા સૌની ભાંગી છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૭

શ્રીમંત-ધીમંત આવે છે,
ચરણે શિર ઝુકાવે છે;
માનીનાં માન મુકાવે છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૮

અંતર શોધ કરાવે છે,
ભક્તજનોને ભાવે છે;
આતમજ્ઞાને સોહે છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૯

અજબ-ગજબની વ્યક્તિ છે,
અનોખી એની શક્તિ છે;
નિષ્કામ પ્રભુની ભક્તિ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૨૦

કરૂણા અપરંપાર છે,
પુણ્યશાળી પારાવાર છે;
તેને વંદન લાખો વાર છે,
એ પ્રભાવશાળી આતમા. ...૨૧

## ૫૬. અવની ઉદ્ધારવા

અવની ઉદ્ધારવા, ભવ્યોને તારવા, તારો અવતાર;
કહાન તારી બંસીમાં ડોલે નરનાર (૨).
સત્યને સ્થાપવા, અસત્યને ઉથાપવા;
થયો ભારતમાં તારો અવતાર ...કહાન ૧
આત્મ ઉદ્ધારવા, ભવસાગર તારવા;
જિજ્ઞાસુ જીવનો સાચો સરદાર ...કહાન ૨

અજ્ઞાન મિટાવવા, જ્યોતિ પ્રગટાવવા;
જ્ઞાનામૃત સીંચી જીવન દેનાર ...કહાન ૩

આત્મદ્રષ્ટિ આપતો, જડતા ઉથાપતો;
અજ્ઞાની અમ પર તારા ઉપકાર ...કહાન ૪

આત્મસ્વરૂપે લીન, જગથી ઉદાસીન;
સાચું પવિત્ર તું જીવન જીવનાર ...કહાન ૫

જિનશાસન કાજ, ધર્મ ઉદ્ધારવા જ;
ડંકો વગાડ્યો તેં ભારત મોઝાર ...કહાન ૬

## ૫૭. એક અદ્‌ભુત આતમા

એક અદ્‌ભુત આતમા,
વીરનો મારગ જાણતા;
મુમુક્ષુઓ વખાણતા,
એ પ્રભાવશાળી આતમા. ...૧

ભાવિકને સંભાળે છે,
આતમલક્ષે વાળે છે;
સંશય સૌના ટાળે છે,
એ પ્રભાવશાળી આતમા. ...૨

આત્મજ્ઞાનનો રસિયો છે,
અમ અંતરમાં વસિયો છે;
સંસાર થી દૂર ખસિયો છે,
એ પ્રભાવશાળી આતમા. ...૩

કર્મશત્રુને હણનારો,
સાચો અનુભવ કરનારો;
બિરૂદ ધર્યું તારણહારો,
એ પ્રભાવશાળી આતમા. ...૪

સુંવાળી એની કાયા છે,
શીતળ જેની છાયા છે;
તે ઉજમબાના જાયા છે,
એ પ્રભાવશાળી આતમા. ...૫

રોકાયો નહિ માયામાં,
જેને મોહ નથી આ કાયામાં;
રહેવું એની છાયામાં,
એ પ્રભાવશાળી આતમા. ...૬

(એને)નહીં ઓળખે તે પસ્તાશે,
ભવ રખડી ખત્તા ખાશે;
જાણનારા ફાવી જાશે,
એ પ્રભાવશાળી આતમા. ...૭

તેને કદી ન વિસારીએ,
આજ્ઞા એની શિર ધરીએ;
ભવસાગર સ્હેજે તરીએ,
એ પ્રભાવશાળી આતમા. ...૮

સુવર્ણપુરી મોઝાર છે,
પુણ્યશાળી પારાવાર છે;
શ્રધ્ધાથી બેડો પાર છે,
એ પ્રભાવશાળી આતમા. ...૯

કરુણા અપરંપાર છે,
અનંત ગુણ ભંડાર છે;
તેને વંદન લાખો વાર છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૦

સદ્‌ગુરુ નાવિક તું સાચો,
ઉતારૂ પ્રભુ હું કાચો,

મનમંદિરમાં કર વાસો,
એ પ્રભાવશાળી આતમા. ...૧૧

ગુરુદેવને પાયે લાગું છું,
અવિનયની માફી માંગુ છું;
સેવા-ભક્તિ યાચું છું,
એ પ્રભાવશાળી આતમા. ...૧૨

આત્મલક્ષ્મીથી શોભે છે,
જ્ઞાનગુણથી ઓપે છે;
મુક્તિના મંડપ રોપે છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૩

સતશાસ્ત્રોનો જાણનાર છે,
કુંદવાણી પ્રમાણ છે;
તેનાં વચનો અમૃતખાણ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૪

એ ભારતની વિભૂતિ છે,
સિદ્ધપદની સમજૂતી છે;
કેવળ કરૂણામૂર્તિ છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૫

સદ્‌ગુરુ બાળબ્રહ્મચારી છે,
અંતરમાં અમૃત-ક્યારી છે;
એના જીવનની બલિહારી છે,
એ પ્રભાવશાળી આતમા. ...૧૬

આત્મજ્ઞાનથી પંકાયા,
ભારતભરમાં ઓળખાયા;
એ સુવર્ણપુરીના મહારાયા,
એ પ્રભાવશાળી આતમા. ...૧૭

વિનવે પ્રભુને સર્વ સમાજ,
શિવપુરીમાં રાખજો સાથ;
અમર તપો તમે હે ગુરૂરાજ!
એ પ્રભાવશાળી આતમા. ...૧૮

## ૫૮. ધર્મ મર્મ મોરલી

(રાગ-ખમ્મા મારા નંદજીના લાલ)

ખમ્મા મારા ઉજમબાના કહાન, મોરલી ક્યારે વગાડી ?
ઘણું જીવો ઉજમબાના લાલ, મોરલી ક્યારે વગાડી ?

સુતો હતો હું તો મોહ કેરા ધામમાં
સાંભળ્યો મેં મોરલીનો નાદ ...મોરલી.
નાદ સુણીને હુંતો ઝબકીને જાગ્યો,
દર્શન દીધા રે ગુરૂરાજ ...મોરલી.
સીમંધર દેવના લાડકવાયા ભારતે
પધાર્યા ગુરૂ કહાન ...મોરલી.
કુંદકુંદ પ્રભુ પાસે જ્ઞાન લઈને
ભક્તોના કર્યા ઉદ્ધાર ...મોરલી.
સારા ભારતમાં ધર્મ ફેલાવી
કહેવાયા આત્મજ્ઞાની કહાન ...મોરલી.
મોતીચંદભાઈનું કુળ દીપાવી
વરતાવ્યો જયજયકાર ...મોરલી.
ખારા સમુદ્રમાં મીઠી છે,
વીરડી વહાવે અમૃતધાર ...મોરલી.
સોનગઢમાં ગુરૂ કાયમ રહીને
સમજાવ્યો સમય કેરો સાર ...મોરલી.
બે કર જોડીને "કમલ" વિનવે
ક્ષતી દોષ કરજો માફ ...મોરલી.

# ૫૯. જન્મ જયંતી સ્તવન

(રાગ-જયોત સે જ્યોત જગાતેચલે)

કહાન જયંતી મનાકે ચલો જૈન કે ઝંડા ફરકાતે ચલો (૨)
ઉજમબા માતાએ પારણે ઝુલાવી હાલરડા મધુરા ગાયા
મોતીચંદભાઈ એ લાડ લડાવી શાળાના ભણતર ભણાવ્યા
પાલેજ પેઢી ચલાને ગયે, જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન જયંતી

માયા ત્યાગી મમતા ત્યાગી ભગત બને વૈરાગી
ચોવીસમે વર્ષે બાલ બ્રહ્મચારી ગુરૂએ દિક્ષાધારી
વૈરાગ્ય ધુન જગાતે ચલો, જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન જયંતી

વેશ નહી આ વાડો નહી આ સત્યનો પંથ છે ન્યારો
ચિંતન મંથન કરતાં કરતાં ભેટયો સમયસાર પ્યારો
જ્ઞાન કે દીપ જગાતે ચલો જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન જયંતી

વૈરાગ્ય મસ્તીએ ગુરૂ કહાન મહાલે પરિણતિ નીજઘર ભાળે
જો હૈ જ્ઞાની જો હે ધ્યાની સીમંધર નજરે નિહાળે
શ્રધ્ધા કે ફુલ ચઢાતે ચલો જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન જ્યંતી

ચૈતન્ય જ્યોતી જગી અંતરમાં મોક્ષના વાગે ભણકારા
જ્ઞાયકભાવ નીજ સ્વભાવ સદા હૈ ઉનકા સહારા
ધર્મ કે ગીત સુનાતે ચલો જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન સદા જયવંત રહો જૈન કે ઝંડા ફરકાતે ચલો
કહાન જયંતી

## ૬૦. પ્રમત અપ્રમત જ્ઞાન હીંડોળો

(રાગ-સોના ઈંઢોણી રૂપા બેડલું)

સીમંધર સભામાં નાદ છૂટયા કે
કુંદકુંદ ઉભા અહો રંગરસીયા

જિનને જિનેન્દ્ર અમે જોયા કે
કુંદકુંદ ઉભા ભગવંતને ભેટવા

એ...ભારત દેશથી આવ્યા અને કુંદકુંદ જેનું નામ
પહાડ પોન્નુરથી વિચરતા એ...પધાર્યા વિદેહે ધામ

દેહ નાનકડો દિગમ્બર કુંદકુંદ
ઊભા ભગવંતને ભેટવા

જિનને જિનેન્દ્ર...

એ...સમોસરણમાં આવતા અને ગાજ્યા દંદુભીના નાદ
ચક્રી પૂછે ભક્તિ થી કોણ છે આ મુનીરાજ ?
સમર્થ આચાર્ય ભારત દેશના
કુંદકુંદ ઊભા અહો રંગરસીયા

જિનને જિનેન્દ્ર...

એ...જ્ઞાન ધ્યાન વૈરાગ્યમાં ઝુલતા એ મુનીરાજ
પ્રમત અપ્રમતમાં મહાલતા એને ભેટયા ખુદ ભગવાન
સીમંધર સ્વામીનો ઉપકાર રે
કુંદકુંદ ઊભા ભગવંતને ભેટવા

જિનને જિનેન્દ્ર...

એ...વિદેહથી પધારીયા અને લખ્યુ સમયસાર
આજ કહાન ગુરૂજી પ્રતાપથી જાણ્યો સમયનો સાર
નજરે જોયેલી આ વાતજો
કુંદકુંદ આવ્યા વિદેહ કેરા ધામમાં

જિનને જિનેન્દ્ર...

૬૧.

ભારે બન્યો મસ્તાનો
ઉજમબા તમારો કા'નો કા'નો...
જ્ઞાનમહીં મસ્તાનો
ઉજમબા તમારો કા'નો કા'નો...
વાત કરે છે જ્ઞાન તણી એ,
દિલડાં હરે છે લોકોનાં એ
કુંદસુત કેસરી જાગ્યો...ઉજમબા...
ભવ્યોનો તારણહારો...ઉજમબા...

એકાકી સત્ત શોધી કાઢયું
સત્ત સ્વરૂપ આતમનું બતાવ્યું
ધુરંધર મસ્તાનો...ઉજમબા...
સિંહ ગર્જના કરનારો...ઉજમબા...

ટચલી આંગળી એ મેરૂ તોલ્યો
પંડિતોનો ગર્વ ઉતાર્યો
તોયે કહે હું નાનો...ઉજમબા...
એવો નિર્માની કાનો...ઉજમબા...

મોક્ષમારગને સ્પષ્ટ બતાવ્યો
ભેદજ્ઞાન મારગ ચોખ્ખો બતાવ્યો
નિઃશંક્તિ મસ્તાનો...ઉજમબા...
હિંદને હલાવનારો...ઉજમબા...

શ્રુતજ્ઞાનની ગંગા વહાવી
પ્રભાવનાની જ્યોતિ જગાવી
અદ્વીતિય અવતારો...
ઉજમબા તમારો કા'નો કા'નો...

६२.

કહાનગુરૂકા હૈ કહના,
રાગમેં જીવ તૂં મત ફસના.
અનાદિકાલ સે રુલતા હૈ,
પરમેં દ્રષ્ટિ કરતા હૈ.
અબ ના યે ગલતી કરના,
રાગ મેં જીવ તૂં મત ફસના.
તન મંદિર મેં દેવ હૈ તૂં,
જ્ઞાયક તૂ પહચાન લે તૂં,
સમયસાર પર તૂં ચલના...રાગમેં
તૂં તો ગુણોકા સાગર હૈ
પરમાનન્દ મહા પ્રભુ હૈ,
મોક્ષપુરી મેં તૂં ચલના..રાગમેં
ગુણ પર્યાયમેં ભેદ ન કર,
ત્રિકાલી દ્રવ્ય મેં દ્રષ્ટિ કર,
મુક્તિ રમા કો હૈ વરના...
રાગમેં જીવ તૂં મત ફસના...

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણની ખાણ,
ગુરુ વસે જો અંતરમાં તો પામે ભવનો પાર,
ગુરુવર શ્રુતજ્ઞાની ઘણાં નય નિક્ષેપ અપાર,
દ્રવ્યાર્થી મુખ્ય કરી આવે ચેતન રાજ.

# ૫. પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિ વિભાગ

## ૬૩. માનસ્થંભ પ્રતિષ્ઠા

(તૂહી હૈ પારસ પ્યાર રે)

ધન્ય ધન્ય દિન આજ...
સમય યહ કૈસા પ્યારા હૈ...
સમય યહ કૈસા પ્યારા હૈ...
ધન્ય ધન્ય દિન આજ.

સમવસરણ સુખકાર લગા
સીમંધર પ્યારા હૈ...
લગા સીમંધર પ્યારા હૈ...
ધન્ય ધન્ય દિન આજ.

શ્રી માનસ્થંભ મનોહાર,
મનો વિદેહ સે આયા હૈ...
મનો વિદેહ સે આયા હૈ...
ધન્ય ધન્ય દિન આજ.

દેવલાલી કી છટા નીરાલી,
કણ કણમેં છાઇ હરિયાલી,
શ્રી જિન માનસ્થંભ પ્રતિષ્ઠા
ખિલા હજારા રે...પ્રતિષ્ઠા

દૂર દૂર સે દર્શક આયે,
ભક્તિભાવ કર મન હર્ષાયે,
જ્ઞાનજ્યોતિ ફૈલી જિનિ
માનો ચંદ્ર ઉજાલા હૈ...
માનો ચંદ્ર ઉજાલા હૈ...
ધન્ય ધન્ય દિન આજ.

ગુરૂ કહાન કા પ્રવચન-ઝરના,

અધ્યાત્મ કથની મન હરના,
સુધામયી ઝરતા હૈ ઝરઝર ગંગાધારા રે...
ધન્ય ધન્ય દિન આજ.
અમર રહે સૌભાગ્ય આજ સા,
જૈનધર્મ હો વિશ્વ તાજ સા,
ચલે અહિંસા પાવન પથ
પર જો પ્રભુ ધારા હૈ...
પથ પર જો પ્રભુ ધારા હૈ...
ધન્ય ધન્ય દિન આજ.

## ૬૪. ઉત્સવ માનસ્થંભકા

(હવામેં ઊડતા)

યહ આજ સભી મન ભાયા શુભ ઉત્સવ માનસ્થંભકા...
શુભ ઉત્સવ માનસ્થંભકા...શુભ ઉત્સવ માનસ્થંભકા
શુભ ઉત્સવ માનસ્થંભકા...યહ

મન ફૂલા નહીં સમાયા લખ ઉત્સવ માનસ્થંભકા...
ફરફર ફરફર ધ્વજ લહરાતે બજ રહે ઝાંઝ નગારે,
સીમંધરકે દર્શન પાકર હર્ષિત હો રહે સારે...યહ ...૧

સ્વર્ગધામ સા દેવલાલી યહ અનુપમ બના સુહાના,
સમવસરણકે સન્મુખ ઉન્નત માનસ્થંભ લુભાના...યહ ...૨

યહી ધર્મવૈભવ હૈ જિસકી આગમ મહિમા ગાતા,
બડે બડે અભિમાની કા ભી મદ જિસસે ગલ જાતા...યહ...૩

સ્વર્ગલોકમેં ઇસ વૈભવ પર રત્નપિટારી હોતી,
પ્રભુ-જન્મ પર વસ્ત્રાભૂષણ લા શચી હર્ષિત હોતી...યહ...૪

વિદેહક્ષેત્રમેં સીમંધરપ્રભુ આજ બીરાજે સોહે,
સમવસરણ કે ચઉ દરવાજે યહી સુ-વૈભવ મોહે...યહ... ૫

પુણ્ય યોગ 'સૌભાગ્ય' મિલા હૈ પ્રભુ ઉત્સવ શિવકારી,
વીતરાગ જિનધર્મ પ્રચારક! જય હો કહાન તુમ્હારી...યહ...૬

૬૫.

ધર્મધ્વજ ફરકે છે મોરે મંદિરિયે,
માનસ્થંભ સ્થપાયે અમ આંગણિયે,
દેવને દેવેન્દ્ર આ મંગળ મહોત્સવ ઉજવે,
કુન્દકુન્દ સ્વામી સ્વર્ગમાં બેઠા અમીદ્રષ્ટિ કરે;
આજે ગાંધર્વોના ગીત ગાજે છે,
દૈવી દુંદુંભી ડંકા વાગે છે ...ધર્મ...
શાસનતણા સમ્રાટ વીરજિન આંગણે આવ્યા,
અદ્‌ભુત પ્રભુજી અમારા ધામ દીપાવ્યા;
મીઠા મહેરામણ આંગણિયે વીરપ્રભુ,
પુણ્યોદયનાં મીઠા ફળ ફળીયા આજે ...ધર્મ...
અમૃતભર્યા જ્યાં ઉર છે, નયને વિજયના નૂર છે,
જ્ઞાનામૃત ભરપૂર છે, બ્રહ્મચારી એ ભડવીર છે,
દિવ્યવાણીના દાતાર મારા વીર પ્રભુ
જૈન શાસનના સાચા પ્રકાશનહાર ...ધર્મ...
યુક્તિ ન્યાયમાં શૂરા છો ભેદજ્ઞાની ભડવીર છો,
મુક્તિ રમનાર સંત છો ભક્તતારણહાર છો
સમયસારના ભાવો સમજાવનહાર,
જ્ઞાયકદેવને હાથમાં બતાવનહાર ...ધર્મ...
દેહે મઢેલા દેવ છો, ચરિત્તે સુવર્ણવિશુદ્ધ છો,
ધર્મે ધુરંધર સંત છો, શૌર્યે સિંહણ પીધ દૂધ છો;
મુક્તિ વરવાને ચાલ્યા છો યોગિરાજ
સનાતન ધર્મના સાચા છો ઋષિરાજ ...ધર્મ...
સૂત્રો બતાવ્યા શાસ્ત્રમાં ઉકેલવા મુશ્કેલ છે,
અક્ષર તણો સંગ્રહ ઘણો પણ જ્ઞાન પેલે પાર છે;

અંતર્ગતનાં ભાવોને ઓળખનાર,
આત્મિક વીર્યના સાચા સેવનહાર....
ધર્મધ્વજ ફરકે છે મારે મંદિરિયે....

## ૬૬. જૈન ઝંડા ગાયન

(તન મન ફુલા દર્શન પા...)

ફરફર ફરકે કેસરીયા, ગગન શિખા પર ઝંડા,
ગગન શિખા પર ઝંડા,
ચિત્ત હરષાતા...ષાતા...ચિત્ત હરષાતા...

ઊંચે ઊંચે જિનમંદિર પર છા રહે, છા રહે,
ઇનકી છાયા બૈઠ જિનગુણ ગા રહે, ગા રહે,
શાસન પ્રભુકા પ્યારા રે, હોંશજગાતા દિલમેં;
શિર ઝૂક જાતા...જાતા, શિર ઝૂક જાતા...
ફરફર ફરકે ૧

ક્યા બાલક, ક્યા બૂઢે, હિલમિલ આ રહે આ રહે,
પ્રભુ દર્શન કર ચિત્ત મેં હરષિત હો રહે, હો રહે,
સબકો મંગલ દાતા રે, ધર્મ દીપાતા જગમેં;
...ધર્મ દીપાતા જગમેં,
અનેકાન્તવાલા વાલા અનેકાન્તવાલા...
ફરફર ફરકે ૨

શ્રી જિનવર કે મારગ પર સબ બઢે ચલો, બઢે ચલો,
જિનશાસન ઉન્નતિ શિખર પર ચઢેં ચલો ચઢેં ચલો,
ઉત્સાહી બનકર આનારે, આતમ ધર્મ કો પાના
...આતમ ધર્મકો પાના,
યહી દરશાતા...શાતા...યહી દરશાતા...
ફરફર ફરકે ૩

## ૬૭. જૈન ઝંડા ગાયન

(જય જય જય સબ મીલકર બોલો)

લહરાયેગા લહરાયેગા ઝંડા શ્રી મહાવીર કા...
ઝંડા શ્રી ભગવાનકા,
ઝંડા શ્રી ભગવાનકા,
ઝંડા શ્રી ભગવાનકા,

ઝંડા શ્રી ભગવાનકા...લહરાયેગા...
તીર્થંકરને જો ફરકાયા,
રત્નત્રય કા માર્ગ દિખાયા,
અનેકાન્ત કા ચિહ્ન લગાયા,
ઝંડા શ્રી મહાવીર કા...લહરાયેગા ...૧

સબ જૈનોંકા જો હૈ પ્યારા,
આત્મ ધર્મકા ચમકીત તારા,
સબ સાધક કા પૂર્ણ સહારા,
ઝંડા શ્રી મહાવીર કા...લહરાયેગા ...૨

સારે જગકા જો હૈ નાયક,
મોક્ષ માર્ગ કા હૈ જો સહાયક,
ભક્ત જનોંકા સદા સહાયક,
ઝંડા શ્રી મહાવીર કા...લહરાયેગા ...૩

શાસનકા સૌભાગ્ય બઢાતા,
સબ જીવોંકા આનંદદાતા,
સ્વાલંબન કા પાઠ પઢાતા,
ઝંડા શ્રી ભગવાન કા...લહરાયેગા ...૪

## ૬૮. શ્રી જિન સ્તવન

(રાગ-મહાવીરા તેરી ધૂનમેં)

આજ મારે રે આંગણીયે શ્રી જિનવરજી પધાર્યા,
શ્રી જિનવરજી પધાર્યા, શ્રી જિનવરજી પધાર્યા,
શ્રી જિનવરજી પધાર્યા, આજે મારે. ૧

સીમંધરનાથ આવો, તીર્થંકરદેવ પધારો.(૨)
જયનાદ ગગનમાં ગાજે, હૈડાં સેવકનાં હરખે-આજ. ૨

હૈડાના હાર આવો, આતમ શણગાર પધારો,(૨)
પાવન સેવકને કરીને, સેવક સામું નિહાળો-આજ. ૩

કઇ વિધ વંદું સ્વામી, કઇ વિધ પૂજું સ્વામી.(૨)
ત્રિલોકીનાથ પધાર્યા, અમ સેવકના આંગણીયે-આજ. ૪

શ્રી માનસ્તંભ સોહે, સીમંધરનાથ બિરાજે,(૨)
વિભૂતી જગની આવે, શ્રી જિનવરના ચરણોમાં-આજ. ૫

ધ્યાન ધુરંધર સ્વામી, વીતરાગ વિલાસી સ્વામી
સુખમંદિર જિનવરદેવા, હમ રહીએ તુજ ચરણોમાં-આજ. ૬

ત્રિલોકીનાથ ચરણે, મુક્તિનું સુખ નિહાળું,(૨)
દિનરાત જિનને ધ્યાવું, અંતરમાં નાથ વસાવું-આજ. ૭

ગુરૂ કહાન જિનને નીરખે, હૈડામાં હરખી જાયે,(૨)
તુજ વારણાં ઉતારે, સુવર્ણે મંગલ થાયે-આજ. ૮

ગુરૂ કહાનના પ્રતાપે, જિનરાજ ભેટયા આજે,(૨)
આ પંચમકાળ ભૂલાયે, નિત નિત મંગળ થાયે-આજ. ૯

## ૬૯. શ્રી સ્તવન

(ઝીણી તે ઝીણી સમદરિયાની વેર એ-રાગ)

સત્‌ ની વેળ્યું આવી સત્‌ મોઝાર,
વેરડીયું આવીને મોતી નીપજ્યા;
ઊલસ્યા તે ઊલસ્યા આતમ દ્રવ્ય અપાર,

છૂટ્યા બાળક સત્વર પ્રભુને ભેટીયા.
મળીયોરે મળીયો સ્વઘરનો સંગાથ,
મળીયોરે મળીયો દેવગુરૂનો સંગાથ;
અપૂર્વ શાંતિ મોક્ષપુરીમાં મ્હાલશું,
અપૂર્વ શાંતિ આત્મપુરીમાં ઝટ મ્હાલશું;
ભવ્ય જનોએ દીઠા તુમ દેદાર,
ભાગ્ય ખીલ્યા ને નીરખ્યા નયને નાથને;
સીમંધર પ્રભુજી ઉપશમ રસના કંદ,
જળહળ જ્યોતિ ત્રિલોકી જગતારક જિનજી;
નીરખ્યા તે નીરખ્યા ત્રણભુવનના દેવ,
હવે ન મૂકું જિનજી તારો છેડલો;
વિદેહી નાથ બિરાજે છે અમ દ્વાર,
સદ્‌ગુરૂજી બિરાજે છે અમ દ્વાર,
ધન્ય ઘડી ધન્ય દિવસ જન્મ કૃતાર્થ છે.--સત્ ની

## ૭૦.

મંડપ વચ્ચે વાજા વગડાવો...ભાઇ વાજા...
સીમંધર પ્રભુજી પધાર્યા દેવલાલીમાં
મંડપ વચ્ચે દીવો, સદ્‌ગુરૂજી ચીરંજીવો...સીમંધર...
મંડપ વચ્ચે મોતી, હું તો હરખે પ્રભુને જોતી...
મંડપ વચ્ચે કુંચી, પ્રભુ પ્રતિષ્ઠા થાયે ઊંચી...
મંડપ વચ્ચે કુંડી, આ સત્ ની વાત છે ઊંડી...
મંડપ વચ્ચે સ્વસ્તિક, ભાવે કરશું નવધા ભક્તિ...
મંડપ વચ્ચે પોળી, મારે પંચ પ્રભુની જોડી...
મંડપ વચ્ચે સાથી, મંગાવો...ભાઇ હાથી
મહોત્સવ આવ્યા છે આંગણે...
મંડપ વચ્ચે થાળી, મંગાવો રતનની અંબાડી...ભાઇ...
મંડપ વચ્ચે હાથી, હું તો હરખે પ્રભુ ગુણ ગાતી...
મંડપમાં ગાઓ ગાણા, આવ્યા મહોત્સવના ટાણા...સી

ફરીને મળશે નાંણા પણ નહિં મળે આ ટાણા...
તિજોરી થઇ છે ભારે, તમે ઝટપટ તાળા ખોલો
...ભાઇ મહોત્સવ આવ્યા છે આંગણે.

૭૧.

કંકુ છાંટી કંકોતરી મોકલો,
પ્રભુજીના ભક્તો આવે સહુ ભાવે
મંગળ ગીત ગાવે, પ્રતિષ્ઠા મૂરત ઢુંકડા.
સીમંધર પ્રભુ, માનસ્થંભજી મૂરત ઢુકડા.
શાંતિ પ્રભુ મહાવીર, પ્રભુ ધીર. કલ્યાણિક.
રૂડા રત્ને જડીત પ્રભુજીના માંડવા,
હીરા મોતી માણેકના શણગાર, ઘુંઘરીના ઘમકાર,
મૂરત આવ્યા ઢુંકડા.
ઈંદ્ર ઐરાવત હાથી લઇ આવીયા,
અદ્દ્ભુત અંબાડીના શણગાર,
દેવ રચના અપાર,
મંગળ મૂરત ઢુંકડા.
રત્ન જડીત હાથીએ પ્રભુજી શોભતા,
સુરેંદ્ર ચમર ઢોળે છે પ્રભુ પાસ, ત્રિલોકી છો નાથ,
પ્રતિષ્ઠા મૂરત ઢુંકડા.
પ્રભુજી આવ્યા છે મંદીર ચોકમાં,
ભવ્ય ભક્તોના ભાગ્ય અપાર, ધન્યધન્ય પ્રભુ અવતાર,
પ્રતિષ્ઠા મૂરત ઢુંકડા.

૭૨.

હલમલતો હાથીને રત્ન અંબાડી,
સોહે સીમંધર પ્રભુજી શાંતિજિણંદજી રાજ
ધન્ય ધન્ય ત્રિલોકી પ્રભુજી ભલેરે પધાર્યા.

ભલેરે પધાર્યાને ભાગ્ય અમારા
છખંડ ધરતીમાં જયનાદ ગાજ્યા હો પદ્મ પ્રભુજી
દેવલાલીમાં વિભુના પંચ કલ્યાણિક.

ઈન્દ્ર નરેંદ્ર પ્રભુને ચમર ઢોળે છે,
છડીદાર લોકાંતીક દેવ હોય રે હો નેમ પ્રભુજી
દેવલાલીમાં સત્ નું શાસન ઝુલે છે.

ઈન્દ્રાણી સ્વસ્તિક મંગળ મોતીના પુરે,
છપ્પન કુમારી થૈ થૈ નાચે મહાવીર પ્રભુજી
વીતરાગ શાસન શોભે છે સુવર્ણપુરીમાં.

દેવ દેવેંદ્રો પુષ્પ વૃષ્ટિ કરે છે,
સૂઘોષાઘંટ સૂર રસાલા જિનરાજ પ્રભુજી,
ધન્ય ધન્ય વિદેહી દેવા નયણે રે દીઠા.

અમીય ભરીરે મૂર્તિ પ્રભુની નિહાળી,
શાંત સુધાસમ રસની છાંયા છવાણી રાજ
ધન્ય ધન્ય ત્રિલોકી પ્રભુની મુદ્રા નિહાળી.

૭૩

કેસર ટાંકે તોળાય રે વાટકડે ઘોળાય રે કેશર જોશે પૂજવા.
આપણા ઘેર મહોત્સવ સીમંધર પ્રભુના કેશર જોશે પૂજવા
હું રે.....ભાઇ તમને વિનવું, કાશ્મીરથી કેસર મંગાવો...
જેમ રે વેચાય તેમ લ્યો રે....કેશર.....
નગરી દેવલાલી સોહામણી, શોભે જિનાલય ભવ્ય રસાળ
પધાર્યા સીમંધર નાથ....કેશર જોશે પૂજવા
મંદિરીયે જિનવર વૃંદો શોભતા, શોભે સંત શિરોમણી સિદ્ધ
ગિરીવાસી નેમ....કેશર જોશે પૂજવા
હું રે...ભાઈ તમને વિનવું, પૂજનના થાળ હીરલે ભરાવો
મારા પ્રભુજીને વધાવો.....કેશર જોશે પૂજવા

ગુરુજી પ્રતાપે જિનવર આવીયા, શાન્તિનાથ-પારસ-વીર
પધાર્યા સીમંધરદેવ, શાસન નાયક વીર.....
નમીએ ચરણે ગુરુરાજને, અમને ભેટાડ્યા ભગવાન
છો જગના તારણહાર....કેશર જોશે....
નમીએ ચરણે ભગવતી માતાઓને, તમને વ્હાલા સીમંધરનાથ
તમારા શીરપર હાથ, શાશ્વત લીધો સાથ.....
તમારા વ્હાલા સીમંધર નાથ, દેખાડ્યા અમને આજ.....
અમે રે શરણે આવ્યા આપના, કૃપામૂર્તિ હે જગમાન
લીધો તમારો સાથ, ભૂલશો ન
કદી આ બાળ વિનવીએ સહુ ભાવથી.....

૭૪

(રાગ-વેલું છુટી વાડીના વડ હેઠ)

અગર ચંદનના જીન દ્વાર-૨
કેસરભીનારે મંદીર આંગણા જિનરાજ.
આંગણે કાંઈ રત્ન જડાવો-૨
મોતીના ચોક પુરાવો પ્રભુ પધારે આજ.
ઈંદ્રવેલું છૂટી મંદીરદ્વાર-૨
રત્ને જડીત રથ છૂટ્યા આવ્યા છે વીતરાગ,
ઈંદ્ર નરેંદ્ર બોલે જય જયકાર-૨
સુવર્ણપુરે સોળ કળાએ સૂરજ ઉગ્યો આજ,
ઈંદ્રાણી પૂરે મોતી ચોક-૨
છપ્પન કુમારીકા નાચે છે થૈ થૈ કાર,
પ્રભુજી પધાર્યા મંદીર દ્વારા-૨
મોતીડે વધાવ્યા ભક્તોને ભેટ્યા છે ભગવાન.

ભક્તોને હરખ ન માય-૨
ગુરુદેવના કર કમળે પ્રતિષ્ઠા થાય,
ધન્ય ધન્ય આવ્યા વીતરાગ-૨
ત્રિલોકી જગ તારક પ્રભુજી પધાર્યા છે જિનરાજ,
પ્રભુ મહિમા મુખથી ન થાય-૨
સહસ્ત્ર મુખે વીતરાગી ગુણ કહી ન શકાય.

## ૭૫. કંકોત્રી

મંડપમાં બાજોઠી ઢળાવો કે,
આજ મારે લખવી છે કંકોત્રી
તેડાવો મારે જાણતલ એવા જોષીકે
આજ મારે લખવી છે કંકોત્રી
કંકોતરી બાંધો..... ભાઈને છેડે કે
જાય મારે સર્વે સંઘને નોતરે.....
શ્રી સંઘ વેગે વેલા આવો
પ્રતિષ્ઠા મૂરત આવ્યા ઢુકડા,
સાધર્મી બંધુ કિયા રે દેશથી આવ્યા કે
કિયા ભાઈએ રે તમને મોકલ્યા.....
આ દેવલાલીમાં માનસ્તંભ સ્થપાયા કે
કલ્યાણીક મહોત્સવ આવ્યા ઢુકડા,
ભક્તો ભાવે મંગલ ગીત ગાવે કે
પ્રભુજી પધાર્યા છે મારે આંગણે
આંગણે દેવ દુદુંભી બજાવે કે,
રણ ઝણ ઘંટા બજાઓ હોંશથી
માંડવે મોતી પથરાવે કે
હિરલે જડાવો પ્રભુજીનો માંડવો.....

૭૬

ધન્ય ધન્ય આજનો દિન અમ ઘેર પ્રભુજી પધાર્યા
ધન્ય ધન્ય આજનો દિન અમ ઘેર પ્રભુજી પધાર્યા
ઋષભ પ્રભુ ભરત-બાહુબલી પધાર્યા,
પધાર્યા સીમંધર દેવ.....
શાસન ધોરીને શાન્તિ-પાર્શ્વ પધાર્યા,
જગત ઉધારક દેવ......
કલ્પવૃક્ષની છાયા છવાઇ,
જયનાદ ઈન્દ્રે ગાય.....
રત્ન રાશી અમ આંગણે ફળીયો,
સિદ્ધયા મનવાંછીત કાજ.....
ગુણમણી ગુણનીધી પ્રભુજી પધાર્યા,
મનવાંછીત દેનાર.....
જિનબિંબ જળહળ જ્યોતી જગે છે,
જ્ઞાન અજવાળા અમાપ....
છપ્પનકુમારી પ્રભુ મહોત્સવ ઉજવે,
ઈન્દ્રાણી જયકાર ગાય.....
અંતર મારું આનંદથી ઉછળે,
પધાર્યા શ્રી વીતરાગ.....
દેવલાલીના ભાગ્ય ખીલ્યા છે,
જિન બિંબ મહોત્સવ થાય
અમઘેર પ્રભુજી પધાર્યા.....

## ૭૭. ઢોલીડાને બોલાવો

ઢોલ શરણાયું ને વાજા રે વગડાવો
વાજા રે વગડાવો નેમકુવરને વધાવો
હીરા મોતીના અર્ઘ ઉતારો,
રત્નમણીની આરતી ઉતારો.....

હોંશે હોંશે સહુ ગાવો રે ગીતો,
ઘર ઘર મંગલ તોરણ સજાવો,
પ્રતિષ્ઠા મહોત્સવ આવ્યા.
પિતા સમુદ્રવિજય આની કોર જોશે (૨)
પિતાજીના મનડા મોહે.....
માતા શિવાદેવી આનીકોર જોશે (૨)
લળી લળી વારણા લેશે.....
વિદેહવાસી સીમંધર પ્રભુજી (૨)
વારણા ઉતારું હું નાથના...
કહાન ગુરુની દિવ્ય દેશના (૨)
ભારત ભરને ડોલાવે...
ચૈતન્યદેવના સૂર ગજાવ્યા (૨)
ભગવાન કહીને બોલાવે...
ભગવતીમાતાઓ તમે સ્વર્ગેથી આવો (૨)
પ્રતિષ્ઠા મહોત્સવ કાજે...
રત્ન રાશીની વૃષ્ટિ રે કરજો (૨)
હરખે વધાવો નાથને...

૭૮

હોંશે હોંશે દેવલાલી આવો,
પ્રભુના કલ્યાણક મનાવો...
હોંશે હોંશે દેવલોકે આવો,
સ્વાગત પ્રભુના કરાવો...
ગિરનારના નેમનાથ સ્વામી,
મોતીડે પ્રભુને વધાવો...
ધવલ સાથીયા શરણાય સૂર આ,
સૂરમાં સૂરને મિલાવે...

વિદેહવાસી સીમંધર આજે પધાર્યા,
માનસ્થંભમાં સોહે છે આજ...
આનંદ આનંદ દશોદિશામાં,
જયકાર સંગે ગજાવો...પ્રભુ
સોના સૂરજ અહો આજે ઉગ્યો,
પ્રતિષ્ઠા પ્રભુની થાય...
કહાન ગુરુ શાસન કાળમાં,
ગગન વિહારી સ્થંભ સોહે આજ...
ચઉ ચઉ દિશમાં સીમંધર નાથજી,
રળીયામણા દર્શન થાય...
શાસન સામ્રાજ્ય વીર પ્રભુનો,
ગજાવો જય જયકાર...
પ્રભુના કલ્યાણક મનાવો...

૭૯

પ્રતિષ્ઠા મહોત્સવ મનાઓ મેરે સાથી,
જીવન સફલ બનાઓ મેરે સાથી,
આવો રે આવો આવો મેરે સાથી,
પંચકલ્યાણક રચાવો મેરે સાથી...
સ્વર્ગપુરી સે પ્રભુજી પધારે,
મતિ શ્રુત જ્ઞાન અવધિ કો ધારે,
અંતિમ ગર્ભ હુઆ પ્રભુજી કા,
જન્મ મરણ કે કષ્ટ નિવારે,
ગર્ભ કલ્યાણક મનાઓ મેરે સાથી ...૧
પ્રથમ સ્વર્ગ સે ઇન્દ્ર પધારે,
ઐરાવત હાથી લે આયે,
પાન્ડુ-શિલા પર નહવન રચાયા,

સકલ પાપ-મલ ક્ષય ડાલે,
જન્મ કલ્યાણક મનાવો મેરે સાથી ...૨

પ્રભુને આતમ ધ્યાન લગાયા,
નિર્ગંથો કા પથ અપનાયા.
રાગ-દ્વેષ કો દૂર ભગાયા,
તપ કલ્યાણક મનાવો મેરે સાથી ...૩

શુકલધ્યાન કી અગ્નિ જલાકર
ચાર ઘાતિયા કર્મ નશાએ,
કેવલજ્ઞાન પ્રગટ કર પ્રભુને,
જગ કો મુક્તિ-માર્ગ બતાયા,
જ્ઞાન કલ્યાણક મનાઓ મેરે સાથી ...૪

ચરમ-શરીર છોડકર પ્રભુજી,
સિદ્ધશિલા પર જાય વિરાજે,
સાદિ-અનંત કાલ તક શાશ્વત
સુખ નિજ પરિણતિ મેં પ્રગટાઓ
મોક્ષ-કલ્યાણક મનાવો મેરે સાથી ...૫

## ૮૦.

જય જિન-શાસન સુખકાર રે રંગ કેશરિયો,
જય ભવદધિ તારણહાર રે રંગ કેશરિયો,
રંગ કેશરિયો (૨) રંગ કેશરિયો.....ટેક
જય ચોવીસો ભગવાન રે રંગ કેશરિયો,
જય વીતરાગ-વિજ્ઞાન રે રંગ કેશરિયો.
જય શુદ્ધાતમ ગુણ-ખાન રે રંગ કેશરિયો,
જય સમ્યગ્દર્શન જ્ઞાન રે રંગ કેશરિયો,
સમ્યક ચરિત્ર મહાન રે રંગ કેશરિયો,
ઈનસે બનતે ભગવાન રે રંગ કેશરિયો,
જય માનસ્થંભ મનોહાર રે રંગ કેશરિયો,

જય સમોસરણ સુખકાર રે રંગ કેશરિયો,
જય શાન્તિ-પાર્શ્વ-વીર રે રંગ કેશરિયો,
જય દૈવીક રચના થાય રે રંગ કેશરિયો,
જય કુંદકુંદ મુનિરાજ રે રંગ કેશરિયો,
જય સમયસાર શીરતાજ રે રંગ કેશરિયો,
જય શુદ્ધાતમ જ્યોતિ મહાન રે રંગ કેશરિયો,
જય કહાન નગર મનોહાર રે રંગ કેશરિયો,
જય હો જય હો ગુરુરાજ રે રંગ કેશરિયો, (૨)

## ૮૧. શ્રી વીરજિન સ્તવન

('આવારા'-નૈયા મેર મઝધાર)

લિયા પ્રભુ અવતાર, જય જયકાર
જય જયકાર, જય જયકાર.
ત્રિશલા નંદ કુમાર, જય જયકાર
જય જયકાર જય જયકાર. ...ટેર

આજ ખુશી હૈ, આજ ખુશી હૈ,
તુમ્હેં ખુશી હૈ, હમેં ખુશી હૈં,
ખુશિયાં અપરંપાર જય જયકાર,
જય જયકાર, જય જયકાર.
પુષ્પ ઔર રત્નોં કી વર્ષા,
સુરપતિ કરતે હર્ષા હર્ષા,
બજા દુંદુભી સાર, જય જયકાર,
જય જયકાર, જય જયકાર
ઉમંગ ઉમંગ નર-નારી આતે,
નૃત્ય ભજન-સંગીત સુનાતે,
ઇન્દ્ર શચી લે લાર, જય જયકાર,
જય જયકાર, જય જયકાર
પ્રભુ કા રૂપ અનૂપ સુહાયા,

નિરખ-નિરખ છબિ હરિ લલચાયા
કીને નેત્ર હજાર, જય જયકાર,
જય જયકાર, જય જયકાર
જન્મોત્સવ કી શોભા ભારી,
દેખો પ્રભુ કી લગી સવારી,
જુડ રહી ભીડ અપાર, જય જયકાર,
જય જયકાર, જય જયકાર

## ૮૨

રંગ મા રંગ મા રંગ મા રે,
પ્રભુ તારા હી રંગમાં રંગી ગયો રે,
આયા મંગલ દિન મંગલ અવસર,
ભક્તિ માં તારી હું નાચી રહ્યો રે ...૧
ગાઓ રે ગાના આજ ધ્રુવધામ કા,
આતમદેવ બુલાય રહ્યો રે ...૨
આતમદેવ કો અંતર મેં દેખ્યા,
સુખ-સરોવર ઉછલ રહ્યો રે ...૩
ભાવ ભરીને હમ ભાવના યે ભાઈ
આપ સમાન બનાય લીયો રે ...૪
માનસ્થંભ મે સીમંધર સ્વામી,
ઉનંત ઉનંત આજ શોભી રહ્યા રે ...૫
સમયસારમે કુંદકુંદ દેવા
ભગવાન કહીને બોલાવી રહ્યો રે,
પ્રભુ પામર બની ક્યો જીવી રહ્યા રે ...૬
કહાન નગરની અપૂર્વ રચના,
કહાન ગુરુનો જયકાર ગાજી રહ્યો રે ...૭

આજ હમારો ઉપયોગ પલટ્યો,
ચૈતન્ય-ચૈતન્ય ભાસી રહ્યા રે ...૮

૮૩

જલ રે મગીયાના જલ રે સીવડાવો,
જલ રે સીવડાવો દો રંગી વેતરાવો
હોંશે હોંશે તમે પહેરો રે નેમીકુમાર (૨)
માતાજીના મન મોહે.....
માતાશીવાદેવી આનીકોરે જોશે, આની કોરે જોશે
લળી લળી મીઠડા લેશે.
કળરે વાળી વાળી પહેરો રે નેમીકુમાર (૨).....
પિતાજીના મન મોહે
પિતા સમુદ્રવિજય લળી લળી જોશે (૨)
લળી લળી મુખડા નિરખશે......
હોંશે હોંશે તમે પહેરો રે નેમીકુમાર (૨)
ઇન્દ્રો ના મન મોહે
ઇન્દ્ર સક્રેન્દ્ર આની કોર જોશે આની કોર જોશે
સહસ્ત્ર નેત્રોથી નીરખે
સક્રેન્દ્ર દેવને તૃપ્તી ન થાયે (૨)
લળી લળી પ્રભુજીને નિરખે.....
હોંશે હોંશે તમે પહેરો રે નેમીકુમાર (૨)
સચી ઇન્દ્રાણીના મન મો હો......
સચી ઇન્દ્રાણી આની કોરે જોશે (૨)
લળી લળી વારણા ઉતારે.....
રત્ન જડીત મુગટ પહેરો રે નેમીકુમાર (૨)
દેવેન્દ્રોના મન મોહે
દેવેન્દ્ર સમૂહ આની કોર જોશે (૨)
પ્રભુજી સામે નાચ જ કરશે.

૮૪.

શ્રી વીરપ્રભુના જિનાલયમાં વળી કુન્દપ્રભુના મંડપમાં
કહાન નગરના ચોકમાં.....તમે આવજો પધારજો (૨)
સીમંધરનાથ પધારજો, વળી સાધક સંતો આવજો,
અઢીદ્વીપના સૌ સાધર્મી તમે આવજો પધારજો (૨)

જ્યાં સમકિતના તો તોરણ છે, સુજ્ઞાન મંગલદ્વાર છે
જ્યાં ચારિત્ર-શિખર શોભે છે, તમે આવજો પધારજો (૨)

શ્રી કહાનગુરુ તમે આવજો, સાધક સંતોને સાથે લાવજો
દૈવી વાજા વાગે છે, તમે આવજો પધારજો.....

જ્યાં આનંદ અપરંપાર છે, જ્યાં ચૈતન્યના રસપાન છે
જ્યાં રત્નત્રયના દ્વાર છે...તમે આવજો પધારજો (૨)

જ્યાં વીરપ્રભુના વહેણ છે, જ્યાં કુન્દપ્રભુના કહેણ છે
જ્યાં ખુલ્લા મુક્તિ મારગ છે.....તમે આવજો પધારજો

આ ઉત્સવમાં જો આવશો ને વીરનો મારગ જાણશો,
તો ભવના છેડા પામશો, તમે આવજો પધારજો.....

## ૮૫. શ્રી વીર નિર્વાણદિન

(ભેટે ઝૂલે છે તલવાર-રાગ)

નિર્વાણ મહોત્સવ દિન આજ,
વીર પ્રભુ સિદ્ધ થયા છે.
વીર જિનેશ્વર સિદ્ધ થયા છે,
ગૌતમ કેવળજ્ઞાન .....વીર

સમશ્રેણિ પ્રભુ પાવાપુરીમાં,
મુક્તિમાં બિરાજ્યા નાથ .....વીર

અનાદિ દેહનો સંબંધ છૂટીને,
ચૈતન્ય ગોળો છૂટ્યો આજ .....વીર

અનંત અનંત ગુણ પર્યાયે પરિણમ્યા,
પ્રગટ્યો અગુરુલઘુ મહાન .....વીર

પુનિત પગલાં કાલ હતાં ભારતમાં,
આજે થયા ચિદબિંબ .....વીર

કાલે વીરજી અરિહંત હતા,
આજે સિદ્ધ ભગવાન .....વીર

ભરતક્ષેત્રે પાવાપુરીમાં,
સ્મરણ વીરનાં થયા .....વીર

દેવ દેવેંદ્રો પાવાપુરીમાં ઊતર્યા,
નિર્વાણ મહોત્સવ કાજ .....વીર

વિરહ પડ્યા આ ભરતક્ષેત્રમાં,
ત્રિલોકીનાથના આજ .....વીર

હે વીર! હે વીર! ભરતક્ષેત્રમાં,
સેવક કરે તુને સાદ .....વીર

સિદ્ધ મંદિરે નાથ બિરાજ્યા,
શાસનમાં જાગ્યા કોઈ સંત .....વીર

સાંદ સાંભળ્યો સેવકતણો એ,
જાગ્યા કુંદ-કહાન સંત .....વીર

કુંદકુંદ અમૃતાદિ કહાનગુરુ પાકીયા,
શાસનના રક્ષણહાર .....વીર

કહાનગુરુને શ્રુતસાગર ઊછળ્યા,
અમૃત વરસ્યા મેહ .....વીર

આતમ આધાર એ અમ સેવકના,
શિવપુરનો એ સાથ .....વીર

## ૮૬. શ્રી વીર જિન-સ્તવન

વીર પ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળજ્ઞાન રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
દેવ દેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં દિન દિવાળી ઉજવાયરે,
વીરજીનું શાસન ઝૂલે રે.
શૈલેશીકરણે ચડ્યા પ્રભુજી અયોગીપદ ધર્યું આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
સર્વે કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય રે
વીરજીનું શાસન ઝૂલે રે,
પાવાપુરી સિદ્ધક્ષેત્ર પ્રભુજી સમશ્રેણી કહેવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
નિર્વાણકલ્યાણક સૂરપતિ ઊજવે સ્વર્ગેથી ઉતરી આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
અખંડાનંદ સ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુર ધામ રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
દેવ દુંદુંભી વાજીંત્ર વાગે નિર્વાણ મહોત્સવ થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
ત્રીશ વર્ષ પ્રભુ દિવ્યધ્વનિનો અપૂર્વ છૂટ્યો ધોધ રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
ધ્વનિ સુણીને ભવ્ય જીવોના હૃદયપટ પલટાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે,
વીરના વારસ કહાન ગુરુજી વર્તાવે જય જયકાર રે.
વીરજીનું શાસન ઝૂલે રે,

ચિદ્રૂપે કેવલે શુદ્ધે નિત્યાનંદમયે યદા;
સ્વે તિષ્ઠતિ તદા સ્વસ્થં કથ્યતે પરમાર્થઃ

અર્થ : કેવલ શુદ્ધ નિત્ય, સહજાનંદમયી શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપ જો અપના સ્વભાવ ઉસમેં જો સદા ઠહરતા હૈ વહી નિશ્ચય સે સ્વસ્થ કહા જાતા હૈ.

- શ્રી જ્ઞાનભૂષણ ભટ્ટારક : તત્વજ્ઞાન તરંગિણી શ્લોક ૧૨-૬

# ૬. અધ્યાત્મ-વૈરાગ્ય ભક્તિ વિભાગ

## ૮૭. વ્હાલા વીરજીનેશ્વર વીનતડી અવધાશોરે-રાગ.

સાચો અન્તર્ સ્વામી આતમ દિલમાં ધ્યાવજેરે,
અંતર અલખ જગાવી, નિર્ભયપદ ઝટ પાવજેરે. સાચો - ૧

સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમધ્યાને વરીયો;
પ્રભુને અન્તર્ દિલમાં પ્રેમથકી પધરાવજેરે. સાચો - ૨

ભક્તિ કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્તા આપ સ્વભાવે;
પોતાને તું ક્ષાયિકભાવે સમાવજેરે. સાચો - ૩

ઝટપટ જંઝાળોને ત્યાગી, સત્યજ્ઞાનથી થા તું રાગી;
વીર વીતરાગી આતમ પ્રભુને તું પાવજેરે. સાચો - ૪

## ૮૮. વ્હાલા વીરજીનેશ્વર વીનતડી અવધારજોરે-રાગ

ચેતન ચતુરાઈથી શિવપુર મારગ ચાલજેરે;
છોડી વિષય વિકારો, મનડું નિજઘર વાળજેરે.
દુનિયાદારી દૂર વિસારી, ઉપયોગે આતમગુણધારી;
ક્ષાયિકભાવે તું કર્મ વિદારજેરે. ...ચેતન.૧

ઘનઘાતી ચઉકર્મ ખપાવે, આત્મિક શુદ્ધસ્વભાવે ભાવે;
પોતાને તું પર પરિણતિથી વારજેરે. ...ચેતન.૨

સ્થિરતા આપસ્વરૂપે આવે, પરમાનંદ પ્રેમે ત્યાં પાવે;
ચિદાનંદે ધ્યાન ધરીને આતમ તારજેરે. ...ચેતન.૩

## ૮૯.

આતમ ન પરઘર જાઓ, નિજ ઘર આઓ જી,
હો જ્ઞાન દર્શ ભંડારી, તુમ કાહે ભયે ભિખારી;
અપની નિધિ પ્રગટાઓ, ભૂલ મિટાઓજી- આતમ...
તુમ પરમાનંદ સ્વરૂપી, હો અમલ અખંડ અરૂપી;
જડ કો ન તુમ અપનાવો, ચેતન રાયાજી-આતમ...
હૈ જ્ઞાયક રૂપ તિહારા, સબ દેખન જાનનહારા,
સમતા સ્વભાવ ધરાઓ, મમતા હટાઓજી, આતમ...
તુમ અજર અમર અવિનાશી, હો સહજ સ્વરૂપ પ્રકાશી;
જૂઠે વિકલ્પ હટાઓ, જ્ઞાન જગાઓજી. આતમ...
શિવરામ નામ કે ધારી, તુમ કિસકે ભયે પૂજારી;
આતમ ન પરઘર જાઓ...નિજ ઘર આઓજી

## ૯૦

આત્મા હૂં આત્મા હૂં આત્મા,
મૈં સદા જ્ઞાયક-સ્વભાવી આત્મા. ...ટેક
શસ્ત્ર સે ભી મૈં કભી કટતા નહીં,
અગ્નિ સે ભી મૈં કભી જલતા નહીં,
જલ ગલાયે તો કભી ગલતા નહીં ...મૈં સદા
ચર્મ-ચક્ષુ સે કભી દિખતા નહીં,
મૂર્ખ નર અજ્ઞાન વશ જાને નહીં,
જ્ઞાનિયોં કી સાધ્ય-સાધક આત્મા ...મૈં સદા
ક્રોધ માયા માન સે ભી ભિન્ન હૂં,
લોભ અરુ રાગાદિ સે ભી ભિન્ન હૂં,
ભાવ-કર્મોં સે રહિત મૈં આત્મા. ...મૈં સદા
ગોરા-કાલા જો ભી દિખતા ચામ હૈ,
મોટા-પતલા રોના ઉસકા કામ હૈ,
સબ શરીરોં સે રહિત મૈં આત્મા. ...મૈં સદા

૯૧.

અહો ચેતન સમય પાકર, કહો! તુમને કિયા ક્યા હૈ,
અહો કુછ લાભ જીવનકા, કહો! તુમને લિયા ક્યા હૈ,
પડ ક્યા દેહ કે પીછે, વહાં અપના ઘરા ક્યા હૈ,
વૃથા દુનિયા કે ભોગોમેં, જીવન ખોને લગા ક્યા હૈ.
વ્યવસ્થિત કી વ્યવસ્થા કો, ફિરાને મેં લગા ક્યા હૈં,
અહો ફિરતે ફિરાને મેં, કહો! કોઇ ફિરા ક્યા હૈં,
કભી તુમને નિયમ જગકા, કહો! કુછ જ્ઞાન કિયા ક્યા હૈ,
અહો અબ તો સમજ 'ચેતન' વૃથા પરમે લગા ક્યાં હૈ.

૯૨.

મોહે ભાવે ન ભૈયા થારો દેશ,
રહૂંગા મૈં તો નિજ-ઘર મેં. ...ટેક

મોહે ન ભાવે યહ મહલ અટારી,
જૂઠી લાગે મોહે દુનિયા સારી,
મોહે ભાવે નગન સુવેશ, રહૂંગા...૧

હમેં યહાં અચ્છા નહીં લગતા,
યહાં હમારા કોઇ ન દિખતા
મોહે લાગે યહાં પરદેશ, રહૂંગા...૨

શ્રદ્ધા જ્ઞાન ચરિત્ર નિવાસા,
અનંત ગુણ પરિવાર હમારા
મૈં તો જાઊંગા સુખ કે ધામ. રહૂંગા...૩

કબ પાઊંગા નિજ મેં થિરતા,
મૈં તો ઇસકે લિએ તરસતા,
મૈં તો ધારું દિગંબર ભેષ. રહૂંગા...૪

૯૩.

ઓ જાગ રે ચેતન જાગ,
તુઝે ધ્રુવરાજ બુલાતે હૈં,
તૂને કિસસે કરી પ્રીત,
તુઝે ધ્રુવરાજ બુલાતે હૈં ...ટેક

પર-દ્રવ્યોં મેં સુખ નહીં હૈ,
તજ ઇનકી તૂ અભિલાષા,
ધન શરીર પરિવાર અરુ બાંધવ,
સબ દુઃખ કી પરિભાષા,
તેરી દૃષ્ટિ હી હૈ વિપરીત ...૧

સ્વર્ગ કભી તૂ નર્ક તૂ,
દેવ તિર્યંચ મે ગયા થા,
મગ્ન રહા બાહ્ય ક્રિયા-કાંડએ મેં,
ધ્રુવ કા ન આશ્રય લિયા થા,
કૈસે મિલતે તુઝે મેરે મીત ...૨

અપને સ્વરૂપ કો ન ધ્યાયા કભી,
અપને સ્વરૂપમેં આજા,
પર કે ગાને ગાતા રહા તૂ,
નિજ કા આનન્દ કૈસે પાતા
પ્રભુ પાને કી નહીં હૈ યે રીત ...૩

૯૪.

ચેતનાને જાગૃત કરવા સૌ જગાવો આતમ॰ામ
તમે તો જાગતા સો હો (૨ ...૧
જાગૃત ચેતના પૂર્ણ કરવા, પ્રયત્ન કરજો રાજ,
તમે તો જાગતા સો હો (૨) ...૨
અનંત જિનેશ્વર મુક્તિને વરીયા જાગ્યા નિરંતર નાથ,
તમે તો જાગતા સો હો (૨) ...૩

અનંત મુનિશ્વર સિદ્ધિ પામ્યા સાધ્યું નિજનું કામ
તમે તો જાગતા સો હો (૨) ...૪

જ્ઞાન દર્શનને રમણતામાં, રમજો હરહંમેશ,
તમે તો જાગતા સો હો (૨) ...૫

દેવ-ગુરુ-જિનવાણીની સેવા કરજો દિન ને રાત;
તમે તો જાગતા સો હો (૨) ...૬

જાગવાનો પ્રયત્ન કરીને, કરજો આત્મકલ્યાણ,
તમે તો જાગતા સો હો (૨) ...૭

બાહ્ય અભ્યંતર પરમાત્માને, લેજો સાથો સાથ,
તમે તો જાગતા સો હો (૨) ...૮

દ્રવ્ય સ્વરૂપમાં દ્રષ્ટિ કરીને, થાજો આરૂઢ નાથ
તમે તો જાગતા સો હો (૨) ...૯

કરી કરીને કરવાનું છે, તારે એક જ કામ,
તમે તો જાગતા સો હો (૨) ...૧૦

ચેતનરામને જાગૃત રાખવા એક જ તારું કામ
તમે તો જાગતા સો હો (૨) ...૧૧

જડ ચેતનને જુદે જુદા નજરે નિહાળી નાથ,
તમે તો જાગતા સો હો (૨) ...૧૨

બે ને બે ચાર ચોખ્ખી દીવા જેવી છે વાત,
તમે તો જાગતા સો હો (૨) ...૧૩

ગુરુદેવે ચેતના બતાવ્યો, આખો આતમરામ,
તમે તો જાગતા સો હો (૨) ...૧૪

ગુરુ ઉપકાર કદી ન ભૂલાયે, ભવો ભવની માંય,
તમે તો જાગતા સો હો (૨) ...૧૫

૯૫.

જ્યોતિ આતમની જગાવ
મારા મનો મંદિરે;
વ્હાલા રત્નદીવાકર દેવ
જ્યોત જગાવો મંદિરે ...જ્યોતી

ભવ નાશક આતમ પ્યારા
દિવ્ય જ્ઞાન દર્શન ધારા;
દિવ્ય જ્ઞાન પ્રગટાવ
મારા મનો મંદિરે ...જ્યોતી

અનંત ગુણાકર આતમ પ્યારા,
તુજ સમ કોરે છે આધારા
તારા સુગુણો પ્રગટાવ,
મારા મનો મંદિરે ...જ્યોતી

ચૈતન્ય કુળે દીવો,
તુહી જગ ચિરંજીવો
જડ જીવન ઉડાવ,
મારા મનો મંદિરે ...જ્યોતી

નિર્યામક તુહિ સાચો,
પણ ઉતારુ હું છે કાચો;
જીવન નાવ તરાવ
મારા મનો મંદિરે ...જ્યોતી

તુંહિ શિવ સુંદરનો ભોગી,
વળી નિજ ગુણ ગણનો યોગી;
આતમ સુખ ચખાવ,
મારા મનો મંદિરે ...જ્યોતી

૯૬.

ભક્તિ કરતા ભેટું જિનરાજ, પ્રભુ એવું માગુ છું...
ભક્તિ કરતા જાગે આતમરામ, પ્રભુ એવું માગુ છું...
તારા દર્શન પૂજન નિત્ય કરું,
રહે સદા મીલન તુજ પાસ ...પ્રભુ
રાત-દિવસ ભજન તારા બોલ્યાં કરું,
શ્વાસે શ્વાસે રહે તારું ધ્યાન ...પ્રભુ
સંયમ નિયમ ગ્રહું પ્રભુ તારા શરણે
ભાવું ભાવના મુનિપદ નાથ
પ્રભુ એવું માંગું છે...
નિશદિન જિનવાણી-માતા સ્મરું,
મુજ હૈડે વસો જિનવાણ ...પ્રભુ
રાત-દિવસ આતમ-ધૂન મચાવું
પ્રભુ પાવન કરો તુજ મન ...પ્રભુ
ગુરુકહાન ઉપકાર કદી ન ભૂલું,
સંત માતા નો ઉપકાર કદી ન ભૂલું,
સંગ રહો સદા એનો આજ ...પ્રભુ
ભક્તિ કરતા ભેટું આતમરામ, પ્રભુ એવું માગુ છું...

## ૯૭. ચેતનજી પ્યારા

ચેતન સ્વભાવી તું તો દેવ છે,
અબદ્ધસ્પષ્ટ સ્વભાવથી તું ભરપૂર રે...
ચેતનજી પ્યારા ચેતનતા તારી તું નિહાળજે...
જ્ઞાયક સ્વભાવી તું તો દેવ છો,
અનંતગુણો ઊછળે ઝગમગાટ રે...
ચેતનજી પ્યારા ચેતનાતા તારી તું નિહાળજે...

જન્મ મરણ તારા ટળી જશે,
આવશે કાંઈ ભવ કેરા અંત રે ...ચેતનજી
દેહમાં બેઠો અદેહી દેવ છો,
પરનો લાગે ન કાંઈ વળગાડ રે ...ચેતનજી
અનંતગુણો ધારી આ દેવ છે,
જ્ઞાન-દ્રષ્ટિથી દેખાય પ્રત્યક્ષ દેવ રે ...ચેતનજી
ચૈતન્યરસથી તું તરબોળ છો,
આતમરસની ઊઠે રેલમછેલ રે ...ચેતનજી
પર દ્રવ્ય-ભાવથી તું ઉદાસ છે,
સ્વરૂપ રસના આનંદથી તરબોળ રે ...ચેતનજી
આ શરીરાદિથી તું પ્રત્યક્ષ ભિન્ન છો,
જ્ઞાન માંહી તરવરે જ્ઞાયક દેવ રે ...ચેતનજી
સર્વ કાર્યો તારા સિદ્ધ થશે,
પૂર્ણાનંદી દેવને દેખજે નાથ રે ...ચેતનજી
પરભાવ એ તો સહુ ટળી જશે,
ચૈતન્યની થાશે રેલમછેલ રે ...ચેતનજી
મૌન સ્વભાવી તું તો દેવ છો,
બોલે એ તો બીજા પરમાણુ દ્રવ્ય રે ...ચેતનજી
સ્વસ્વરૂપમાં તારો વાસ છે,
અલૌકિક અનુપમ ચૈતન્ય દેવ રે ...ચેતનજી
તારા ચૈતન્યને નિહાળતાં,
ભવના કાંઈ આવે છે અંત રે ...ચેતનજી
આનંદના ધામને તું તો પામજે,
પૂર્ણ કરજે ત્યાં વસવાટ રે ...ચેતનજી
ગુરુજીએ સત્ય સમજાવીયું,
ઉપકાર ગુરુનો ધરજે હૃદયમાંહી રે ...ચેતનજી

મુક્તિપુરીને તુ તો પ્રાપ્ત થા,
ત્યાં સુધી રાખજે દેવ-ગુરુનો સાથ રે ...ચેતનજી

## ૯૮. ગુરુ વિરહ

અહો ગુરુ ભાનુ ભારતના અંધારા જગતમાં કીધા,
ભારતમાં વિરહા પડ્યા મોટા જગતમાં જડે નહી જોટા.
સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજેથી ચમકેલા,
આતમ તેજથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વ્હાલા.
હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા.
ગુરુ વિરહા પડ્યા મોટા જઈને સ્વર્ગમાં બેઠા,
ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઉછાળ્યા શ્રુતના દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા
ગુરુ ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિન રાત-દિન જાએ મળીશું શાશ્વતા ધામે,
ગુરુનું નામ અમર હોજો ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો.
ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો ગુરુકહાનની વાણી
ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જય જય ગુરુકહાનની વાણી,
મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા
ગુરુવર બોધને પામી દ્રષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી,

## ૯૯

હમ તો કબહુ ન નિજ ઘર આયે
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે...
પરપદ નિજપદ માનિ મગન હૈ, પર પરણિત લપટાયે
શુદ્ધ બુદ્ધ સુખ કંદ મનોહર, ચેતન ભાવન ન ભાયો.

નર પશુ દેવ નરક જિન જાન્યો, પરજય બુદ્ધિ લહાયે
અમલ અખંડ અતુલ અવિનાશી, આતમગુણ નહી ગાયે,
યહ બહુ ભૂલ ભઇ હમરી ફિર, કહા કાજ પછતાયે,
દૌલ તજો અજહું વિષય ન કો, સત્તગુરુ વચન સુનાયે.

## ૧૦૦. બારહ ભાવના

પંડિત ભૂધરદાસજી કૃત

રાજા રાણા છત્રપતિ, હાથિન કે અસવાર,
મરના સબકો એક દિન, અપની અપની વાર ...૧

દલ બલ દેવી દેવતા, માત પિતા પરિવાર,
મરતી બિરિયાં જીવ કો, કોઇ ન રાખનહાર ...૨

દામ બિના નિર્ધન દુખી, તૃષ્ણાવશ ધનવાન,
કબહૂ ન સુખ સંસારમે, સબ જગ દેખ્યો છાન...૩

આપ અકેલો અવતરે, મરૈ અકેલો હોય,
યા કબહૂં ઇસ જીવ કો, સાથી સગા ન કોય ...૪

જહાં દેહ અપની નહીં, તહાં ન અપના કોય,
ઘર સંપત્તિ પર પ્રગટ યે, પર હૈ પરિજન લોય...૫

દિપે ચામ ચાદર મઢી, હાડ પીંજરા દેહ,
ભીતર યા સમ જગતમેં, અવર નહી ધિન ગેહ...૬

મોહ નીંદ કે જોર, જગવાસી ઘૂમે સદા,
કર્મ ચોર ચહું ઔર, સરવસ લૂટેં સુધનહીં ...૭

સત ગુરુ દેય જગાય, મોહ નીંદ જબ ઉપશમે,
તબ કુછ બનહિ ઉપાય, કર્મ ચોર આવત રુકે...૮

જ્ઞાન દીપ તપ તેલ ભર, ઘર શોધે ભ્રમ છોર,
યા વિધ બિન નિકસે નહીં, બૈઠે પૂરવ ચોર ...૯

પંચ મહાવ્રત સંચરણ, સમિતિ પંચ પરકાર,
પ્રબલ પંચ ઇન્દ્રી વિજય, ધાર નિર્જરા સાર ...૧૦

ચૌદહ રાજુ ઉતંગ નભ, લોક પુરુષ સંઠાન,
તામે જીવ અનાદિ તૈ, ભરમત હૈ બિન જ્ઞાનં ...૧૧

ધનકનકંચન રાજસુખ, સબ હો સુલભકર જાન,
દુર્લભ હૈ સંસાર મેં, એક યથારથ જ્ઞાન ...૧૨

જાંચે સુરતરુ દેય સુખ, ચિન્તન ચિંતા રૈન,
બિન જાંચે બિન ચિંતયે, ધર્મ સકલ સુખ દૈન ...૧૩

# ૭. તીર્થધામ ભક્તિ વિભાગ

## ૧૦૧. સમ્મેદ-શિખરજી

અનંત જિનેશ્વરદેવ પ્રભુને લાખો પ્રણામ ...પ્રભુજી(૨)
ચોવીસો ભગવાન પ્રભુજીને લાખો પ્રણામ ...પ્રભુજી
શાશ્વત તીરથધામ પ્રભુજીને લાખો પ્રણામ ...પ્રભુજી

અનંત જીનેશ્વર મુક્તિ પધાર્યા,
સમશ્રેણીએ સિદ્ધ બિરાજ્યા,
પ્રગટ્યા પૂર્ણ નિધાન પ્રભુજીને લાખો પ્રણામ
અનંતગુણોના સાગર ઉછળ્યા,

અપૂર્વ સિદ્ધ પરિણતિએ પ્રણમ્યા,
અશરીરી ભગવાન પ્રભુજીને લાખો પ્રણામ
ચૈતન્યમંદિરે નિત્ય વિચરતા,
સિદ્ધાનંદની લહેરે વસતા,
ગુણોના નિધાન પ્રભુજીને લાખો પ્રણામ
જોગાતીત ભગવાન પ્રભુને લાખો પ્રણામ
વિચર્યા અનંત તીર્થંકર દેવા,
કણકણ પાવન થયા શિખરના
મંગળકારી મહાન પ્રભુજીને લાખો પ્રણામ
ચારણૠદ્ધિધારી પધાર્યા,
ગણધર મુનિના વૃંદ પધાર્યા,

ધ્યાન કર્યા આ ધામ
...પ્રભુને લાખો પ્રણામ
અનંત મુનિશ્વરે સ્વરૂપ સાધ્યા,
અનંતા ક્ષપક શ્રેણીમાં ચઢીયા,
પ્રગટ્યા કેવળજ્ઞાન ...પ્રભુજીને લાખો પ્રણામ
પામ્યા સિદ્ધિ મહાન ...પ્રભુજીને લાખો પ્રણામ
ઈન્દ્ર નરેન્દ્રોનાં વૃંદો ઊતરે,
પ્રભુજીના ચરણે શીશ ઝૂકાવે,
ગિરિરાજ અપૂર્વ મહાન ...પ્રભુજીને લાખો પ્રણામ
સમવસરણ અદ્ભુત રચાવે,
દિવ્યધ્વનિના નાદો ગાજે,
એવા શિખરના ધામ ...પ્રભુજીને લાખો પ્રણામ
વનવૃક્ષોની છટા નિરાલી,
મનહર ચૈતન્યધામ બતાવે
સર્વ ગિરિ શિરતાજ ...પ્રભુજીને લાખો પ્રણામ
અનંત તીર્થંકર સ્મરણે આવે,
અનંત મુનિના ધ્યાનો સ્ફૂરે,
પાવન સમ્મેદ ધામ ...પ્રભુજીને લાખો પ્રણામ
ભારતભૂમિમાં અનંત ચોવીશ
શિખરજીથી પામ્યા સિદ્ધિ,
મહિમાવંત મહાન ...પ્રભુજીને લાખો પ્રણામ
વંદન સિદ્ધ ભગવાને ...પ્રભુજીને લાખો પ્રણામ
તલભુમિમાં રત્નો ના સ્વસ્તિક,
શાશ્વત સિદ્ધિધામ વ્રજ સોહે,
ઉન્નત શિખર આ ધામ ...પ્રભુજીને લાખો પ્રણામ
આવા પવિત્ર ધામને નિરખ્યે,
સિદ્ધ સમાન બની જાયે,
વંદન હો અનંત ...પ્રભુજીને લાખો પ્રણામ

## ૧૦૨. ગિરનાર ગિરિ-નેમનાથ

બાળબ્રહ્મચારી જિણંદ પદ ધારી,
સેવે સુરનર ચંદા રે,
ગિરનાર ગિરિ નેમનાથ બિરાજે,
ભેટતાં ટળે ભવ ફંદા રે ...બાળ

બાળ બ્રહ્મચારી વિષય નિવારી,
નિસ્નેહી ગુણરાયા રે;
સચિત્ત પુદ્‌ગલ ભોગ ક્ષીણ જાણી,
સંયમ લીધો ગિરનારી રે ...બાળ

જિણંદ પદ ધારી રાગદ્વેષ નિવારી,
ઘાતિ કરમ ક્ષય કારી રે;
સહસાવને કેવળ પ્રગટાવી,
કલ્યાણ મંગળ જયકારી રે ...બાળ

ઇન્દ્રદિકસુર અસંખ્ય આવે,
સમવસરણ વિરચાવે રે;
હર્ષદા બાર મિલે તિહાં વેગે,
દેશના જિનજી સુણાવે રે ...બાળ

ભેટંતા ટળે ભવ ફંદા,
આતમ જ્ઞાને રાચો રે;
શુકલ શુકલ પર્યાય ગ્રહીને,
શુદ્ધ પરિણતિમાં રાચો રે ...બાળ

અયોગી ગુણસ્થાન ગ્રહીને,
જોગાતીત પદ લીધો રે;
સમશ્રેણી છે પાંચમી ટૂંકે,
આત્મપ્રદેશ ઘન કીધો રે ...બાળ

ગિરનાર ગિર પર નેમ જિણંદકી,
કલ્યાણિક ત્રણ ભૂમિ રે;

જ્ઞાન શીતલ ગુણ રાગે ગાઇ,
અંતર આતમ પાઇ રે ...બાળ

## ૧૦૩. ચંપાપુરી-વાસુપૂજ્ય

વાસુપૂજ્ય જિનનાથને ભાવે વંદું,
હારે ભાવે વંદુ રે ભાવે વંદુ ...વાસુપૂજ્ય

હાંરે એ તો ત્રિભુવનનાથ બિરાજે,
હારે થયા દરિશણ નાથ ...વાસુપૂજ્ય

ચંપાપુરી નગરી બહુ બહુ સોહે,
હાંરે તીહાં વાસુપૂજ્યજી બિરાજે,
હાંરે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયે,
હાંરે સુરનર ઇન્દ્રોના ટોળા ઊતરે,
હાંરે ધન્ય માત ને તાત ...વાસુપૂજ્ય

બાલબ્રમ્હચારી વાસુપૂજ્યજી સ્વામી,
હાંરે ત્રણ ભુવનના છો જગનામી,
હાંરે મુનિનાથના અંતરજામી,
હાંરે ત્રિભુવનના શણગાર ...વાસુપૂજ્ય
હાંરે સેવકના શણગાર ...વાસુપૂજ્ય

ચંપાપુરી નગરી પાવનકારી,
હાંરે પ્રભુના પંચકલ્યાણક ભારી,
હાંરે ગર્ભ જન્મ દીક્ષા મંગલકારી,
હાંરે એ તો પાવન દૃશ્ય ..વાસુપૂજ્ય
હાંરે એ તો અદ્‌ભુત દૃશ્ય ...વાસુપૂજ્ય

કેવળ કલ્યાણકે શકેન્દ્ર અહીં ઊતરે,
હાંરે પ્રભુના સમવસરણ રચાવે,
હાંરે પ્રભુના દિવ્યધ્વનિના નાદ ગાજે,
હાંરે સહુને આનંદ થાય ...વાસુપૂજ્ય

શૈલેશી કરણે પ્રભુજી અહો વળીઆ,
હાંરે સમશ્રેણીએ પ્રભુજી ચડીયા,
હાંરે પ્રભુ સિદ્ધિધામને વરીયા
આજે દેખ્યા તીરથધામ ...વાસુપૂજ્ય
હાંરે રાખો સેવકને સાથ ...વાસુપૂજ્ય
ગુરુજી પ્રતાપે નીરખ્યા ધામ,
વાસુપૂજ્ય જિનરાજને ભાવે વંદું.
ગુરુજી પ્રતાપે યાત્રા થાય ...વાસુપૂજ્ય

## ૧૦૪. રાજગ્રહી વિપુલચલ

અહીં દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે
અહીં ૐ ધ્વનિ છૂટી વીરમુખથી રે...
અનંતા જીવોના તારણહાર ...આજ
સહુ મહોત્સવ કરીએ આજ ...આજ
આજ પાત્ર ગૌતમજી પધારીયા રે...
પ્રભુ દિવ્યધ્વનિ ના છૂટ્યા ધોધ...
વિપુલાચલે સમોસરણ આવીયા રે...
શ્રેણીક રાજાની રાજધાની માહીં...
રૂડી રાજગૃહી નગરી માંહી...
આજ દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે...
ચાર તીર્થ ધ્વનિરસે તરબોળ થયા રે
ગણધર મુનિ શ્રાવકના થયા વૃંદ...
આત્મ આનંદમાં નાચી ઉઠયા આજ
અહીં દિવ્યધ્વનિ છૂટી વીર મુખથી રે...

## ગુરુદેવ પ્રત્યે ક્ષમાપના-સ્તુતિ

*** ઉત્તમ ક્ષમાવણી પર્વ : ભાદરવા વદ ૧ ***

ગુરુદેવ! તારા ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં ...૧

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં ...૨

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના ...૩

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને ...૪

તારી ચરણ સેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે ...૫

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને ...૬

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે ...૭

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું,
તુજ ચરણ-આશ્રય વડે,
જય જય થજો પ્રભુ આપનો,
સૌ ભક્ત શાસનના ચહે ...૮

-શ્રી દિગંબર જૈન સંઘ

दंसण मूलो धम्मो

श्री जैन मुमुक्षु महिला मंडळ, देवलाली